RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 305* Date: 02.09.2020 Wendsday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### AGR સંલગ્ન બાકી રકમ મુદ્દે ટેલિકોમ કંપનીઓને સુપ્રિમ કોર્ટની રાહત

## ટેલિકોમ કંપનીઓને બાકી લેણાં ચૂકવવા સુપ્રિમે ૧૦ વર્ષનો સમય આપ્યો

**કોર્ટના નિર્ણયથી ભારતી એરટેલ - વોડાફોન જેવી કંપનીઓને મોટી રાહત મળી, હપ્તે હપ્તે કરી શકશે પેમેન્ટ, ટેલીકોમ કંપનીઓએ બાકી રકમના ૧૦ટકા ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી ચુકવવા પડશે**



*ન્યુ દિલ્હી,તા.૧*

સુપ્રીમ કોર્ટે મંગળવારે વોડાફોન આઈડિયા, ભારતી એરટેલ અને ટાટા ટેલિસર્વિસિસ સહિતની ટેલિકોમ કંપનીઓને અંદાજે રૂ. ૧.૬ લાખ કરોડની એડજસ્ટેડ ગ્રોસ રેવન્યૂ (એજીઆર) સંલગ્ન બાકી રકમ ટેલિકોમ વિભાગને ચૂકવવાના મામલે શરતી રાહત આપી છે. સર્વોચ્ચ ન્યાયાલયે ટેલિકોમ કંપનીઓને એજીઆર સંબધિત બાકી લેણાંની ચૂકવણી કરવા ૧૦ વર્ષનો સમય આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે ઓર્ડરમાં જણાવ્યું છે કે, ટેલિકોમ કંપનીઓએ તેમની બાકી રકમ પૈકીની ૧૦ ટકા રકમ આગામી માર્ચ ૨૦૨૧ સુધીમાં ચૂકવવી પડશે. સુપ્રીમ કોર્ટના જજો જસ્ટિસ અરૂણ મિશ્રાની વડપણ હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે ટેલિકોમ વિભાગ દ્વારા એજીઆર સંલગ્ન રકમની માંગ તેમજ સુપ્રીમ કોર્ટે આ સંદર્ભે આપેલા ચુકાદો અંતિમ ગણાશે.

ટેલિકોમ કંપનીઓના મેનેજિંગ ડિરેક્ટર અથવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરને આગામી ચાર સપ્તાહમાં ડીઓટીને ચૂકવવાની રકમ અંગે બાંહેધરી અથવા પર્સનલ ગેરેન્ટી આપવાનો આદેશ સુપ્રીમ કોર્ટે કર્યો હતો. જો કોઈ ટેલિકોમ કંપની એજીઆર સંલગ્ન રકના હપતા ચૂકવવામાં નિષ્ફળ જશે તો તેના પર દંડ કરાશે અને વ્યાજ વસૂલવા ઉપરાંત તેને કોર્ટની અવમાનના પણ ગણાશે.

સુપ્રીમ કોર્ટના જણાવ્યા મુજબ નાદારીની પ્રક્રિયા હેઠળની ટેલિકોમ કંપનીઓ દ્વારા સ્પેક્ટ્રના વેચાણના મુદ્દે નેશનલ કંપની લો ટ્રિબ્યૂનલ નિર્ણય કરશે.

સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ટેલિકોમ કંપનીઓ માટે ઘણા જ રાહતના સમાચાર છે. ખાસ કરીને વોડાફોન-આઈડિયા અને ભારતી એરટેલ માટે કેમ કે આ બંને કંપનીઓના સૌથી વધુ ચુકવણી કરવાની બાકી છે. વોડાફોન-આઈડિયાના રૂ. ૫૦,૪૦૦ કરોડ અને એરટેલના રૂ. ૨૬,૦૦૦ કરોડ છય્ઈ બાકી છે. અત્યાર સુધીમાં વોડાફોન-આઈડિયાએ રૂ. ૭,૮૫૪ કરોડ, એરટેલે રૂ. ૧૮,૦૦૦ કરોડ અને રિલાયન્સ જિયોએ રૂ. ૧૯૫ કરોડ ચૂકવ્યા છે.

સુપ્રીમ કોર્ટમાં આ કેસ ચાલી રહ્યો હતો તે દરમિયાન ટેલિકોમ કંપનીઓએ છય્ઈની બાકી રકમની ચુકવણી માટે ૧૫ વર્ષનો સમય માગ્યો હતો. જયારે ટેલિકોમ ડિપાર્ટમેન્ટે ૨૦ વર્ષનો સમય આપવા માટે કહ્યું હતું. જોકે, આજે ૧ સપ્ટેમ્બરે એપેક્સ કોર્ટે ૧૦ વર્ષની અંદર બાકી પેમેન્ટ કરવા માટે આદેશ કર્યો હતો.

**શું હોય છે AGR?**

એડજેસ્ટેડ ગ્રોસ રેવન્યૂ દૂરસંચાર વિભાગ દ્વારા ટેલિકોમ કંપનીઓ પાસેથી લેવામાં આવતી યુસેઝ અને લાયસન્સ ફી છે. તેના બે ભાગ હોય છે- એક સ્પેક્ટ્રમ યુસેઝ ચાર્જ અને લાયસન્સ ફી, જે ક્રમશઃ ૩-૫ ટકા અને ૮ ટકા હોય છે.

### સુપ્રિમ કોર્ટમાં આજે વધુ સુનાવણી હાથ ધરાશે

## લોન મોરેટોરિયમને બે વર્ષ સુધી લંબાવી શકાય છે:કેન્દ્ર સરકાર



*ન્યુ દિલ્હી,તા.૧*

કેન્દ્ર સરકાર અને આરબીઆઈએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે કોરોનાની સ્થિતિ અનુસાર મોરાટોરિયમ પિરિયડને બે વર્ષ સુધી લંબાવાઈ શકે છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કેન્દ્ર સરકાર વતી કોર્ટને જણાવ્યું હતું કે, કોરોનાને કારણે હાલ મુશ્કેલીનો સામનો કરી રહેલા ક્ષેત્રો માટે પગલાં લેવાઈ રહ્યા છે. બેન્ચે સુનાવણી સ્થગિત કરી નાખી હતી. હવે બુધવારે આ મામલે સુનાવણી થશે.

સરકારી વકીલે કોર્ટને જણાવ્યું હતું કે મુશ્કેલીનો સામનો કરી રહેલા સેક્ટર્સની ઓળખ કરીને તેમને રાહત આપવા માટે વિચારણા કરાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, માર્ચ મહિનામાં રિઝર્વ બેંકે તમામ બેંકોને ગ્રાહકોને ઈંસૈં ભરવામાંથી છ મહિનાની રાહત આપવા માટે જણાવ્યું હતું. આ સમયગાળો ઓગસ્ટમાં પૂરો થઈ ગયો છે.

સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું કે મોરાટોરિયમ પિરિયડ દરમિયાનનું વ્યાજ કે વ્યાજનું વ્યાજ ના લેવાની માગ સાથે કોર્ટમાં જે ઢગલાબંધ અરજીઓ કરવામાં આવી છે તેના પર તે આવતીકાલે વધુ સુનાવણી કરશે. અગાઉ કોર્ટે

**સરકાર એવા સેક્ટરની ઓળખ કરી રહી છે જેમને રાહત આપી શકાયઃ સોલિસિટર જનરલ**

કેન્દ્ર અને RBIને આ અંગે નિર્ણય લેવા કહ્યું હતું. કોર્ટે બેંકોના વ્યાજ પર વ્યાજ લેવાના નિર્ણયની ટીકા કરતા કહ્યું હતું કે બેંકો માત્ર વેપારનો જ વિચાર ના કરે. હવે જોવાનું રહે છે કે આ મામલે કોર્ટમાં આવતીકાલે શું થાય છે.

સરકારે લોકડાઉન અને કોરોનાને કારણે મુશ્કેલીમાં મૂકાયેલા નાના-મોટા ઉદ્યોગ-ધંધાઓ માટે અત્યારસુધી અનેક રાહતોની જાહેરાત કરી છે. પીએમ મોદીએ પોતાના રાષ્ટ્રજોગ સંબોધનમાં અર્થતંત્રને દોડતું કરવા ૨૦ લાખ કરોડના પેકેજની જાહેરાત કરી હતી. જો કે આ પેકેજ છતાંય હજુય ઘણા ઉદ્યોગો નાણાંકીય ભીંસનો સામનો કરી રહ્યા છે.

બીજી તરફ, બેંકોને પણ એ વાતનો ડર છે કે જો લોનધારકો ઈંસૈં ના ચૂકવી શક્યા તો NPAમાં ખૂબ મોટો વધારો થશે. તેવામાં બેંકો પણ ગ્રાહકોને લોનના સમયગાળામાં એડજસ્ટમેન્ટ કરીને તેમના પર ઈંસૈંનો બોજ થોડો હળવો બને, અને ધીરે-ધીરે રિકવરી થતી રહી તે તે માટેના પ્રયાસો કરી રહી છે.

ગયા અઠવાડિયાની શરૂઆતમાં, આ કેસમાં સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કડક ટિપ્પણી કરી હતી કે લોન મોરટેરિયમના મામલામાં પોતાનો વલણ સ્પષ્ટ કરવા માટે જલ્દી સોગંદનામું આપવું જોઈએ અને રિઝર્વ બેંકની પાછળ છુપાવીને પોતાને બચાવવું નહીં.

લોનના હપ્તા ભરપાઈ કરવાના મુદત દરમિયાન લોન માફી માંગવાની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે સરકારના લોકડાઉનને કારણે અર્થવ્યવસ્થામાં સમસ્યા ઉભી થઈ છે.

### દક્ષિણી પેગોન્ગના વિવાદિત વિસ્તારમાં સંપૂર્ણ રીતે અમારો કબ્જોઃ ભારત

## ભારતીય સેના આક્રમકઃ બ્લેક ટોપ પોસ્ટ પર કબ્જો કરી ચીનના કેમેરા, સર્વેલન્સ તોડી પાડ્યા



*ન્યુ દિલ્હી,તા.૧*

ભારતીય સેનાએ લાઈન ઓફ એક્ચ્યૂલ કન્ટ્રોલ પર ચીની સડયંત્રને નિષ્ફળ બનાવવાની સાથે સાથે બ્લેક ટોપ પોસ્ટ પર કબ્જો કરી લીધો છે. ૨૯-૩૦ ઓગસ્ટની રાતે ચીની સેનાએ ઘૂસણખોરી કરવાનો પ્રયત્ન કર્યો હતો. જેનો જવાબ આપતા ભારતીય સેનાએ ન ફક્ત બ્લેક ટોપ પર કબ્જો કર્યો પરંતુ ચીની સેનાના કેમેરા અને સર્વેલન્સના ઉપકરણોને હટાવી દીધા છે.

હકિકતમાં ચીની સેના પીપુલ્સ લિબરેશન આર્મી (પીએલએ)એ પેંગોંગ લેકના દક્ષિણ કિનારે સ્થિત બ્લેક ટોપ પોસ્ટ પર કેમેરા અને સર્વેલન્સ સિસ્ટમ લગાવી હતી. આ પોસ્ટ પર ભારતીય સેનાએ કબ્જો કરી લીધો છે અને કેમેરા તથા સર્વેલન્સ ઉપકરણોને હટાવી દીધા છે.

મીડિયા સૂત્રોના જણાવ્યાનુંસાર બ્લેક ટોપ પોસ્ટ પર કેમેરા અને સર્વેલન્સ સિસ્ટમ લાગેલી હોવા છતાં પણ ભારતીય સેનાએ ચીની સેનાને પાછળ ખદેડી અને રાજનીતિક રુપે મહત્વપૂર્ણ આ પોસ્ટ પર પોતાનો કબ્જો જમાવ્યો હતો. ભારતીય સેનાએ બ્લેક ટોપ પોસ્ટથી કેમેરા અને સર્વેલન્સ સિસ્ટમને હટાવી દીધા છે. આ પોસ્ટ એલએસીની ભારત તરફ ભારતીય સીમામાં આવે છે.

સૂત્રોના કહેવા પ્રમાણે ચીને પોતાની સીમા પર નજર રાખવા તંત્રને સ્વચાલિત બનાવ્યું હતું અને ભારતીય સેનાઓની આવન જાવન પર નજર રાખવા માટે કેમેરા તથા સેન્સર લગાવ્યા હતા. ઠાકુંગની પાસેની ઉંચાઈની પાસે પણ ચીની સેના અને ભારતીય સેનાની ઉંચાઈ અને તેમની આવનજાવન પર કડક નજર રાખી રહ્યું હતુ.

ચીની હરકતને જડબાતોડ જવાબ આપવા માટે ભારતીય સેનાના ટેંક અને આર્મિલરી સપોર્ટને કાલા ટોપ વિસ્તારમાં તૈનાત કરી દીધો હતો. બીજી તરફ ચીને પણ મોટી સંખ્યામાં મોટા અને નાના ટેંકની તૈનાતી કરી દીધી છે. જે ભારતીય રેન્જની બિલકુલ પાસે છે.

### છેલ્લા ૨૪ કલાકમાં ૭૦ હજારની નજીક પોઝિટિવ કેસ, ૮૧૯ના મોત

## ચિંતાજનકઃ ઑગસ્ટ માસમાં જ દેશમાં ૨૦ લાખ કોરોનાના કેસ નોંધાયા

**દેશમાં કુલ કોરોનાના કેસ વધીને ૩૭ લાખની નજીક, મૃત્યુઆંક ૬૫ હજારને, દેશમાં કોવિડ-૧૯થી મૃત્યુદર ઘટીને ૧.૭૭% થયો**

*ન્યુ દિલ્હી,તા.૧*

છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસ સતત વધતા જોવા મળી રહ્યાં હતાં તેમાં આજે થોડો ઘટાડો નોંધાયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૬૯,૯૨૧ નવા દર્દીઓ નોંધાયા છે. આ સાથે જ કોરોનાના કેસનો કુલ આંકડો ૩૬,૯૧,૧૬૭ પર પહોંચી ગયો છે. જેમાંથી ૭,૮૫,૯૯૬ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. જયારે ૨૮,૩૯,૮૮૩ લોકો કોરોનાને માત આપીને સાજા થયા છે. કોરોનાએ એક જ દિવસમાં ૮૧૯ લોકોનો ભોગ લીધો. દેશમાં કોરોનાથી મૃત્યુનો કુલ આંકડો ૬૫,૨૮૮ થયો છે.

૨૯ ઓગસ્ટના રોજ કોરોના વાયરસના રેકોર્ડબ્રેક ૭૮,૭૬૧ નવા કેસ નોંધાયા હતાં. જો કે રાહતની વાત એ છે કે મૃત્યુદર અને એક્ટિવ કેસ રેટમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. મૃત્યુદર ઘટીને ૧.૭૮ થઈ ગયો. આ ઉપરાંત એક્ટિવ કેસ કે જેમની સારવાર ચાલુ છે તેમનો દર પણ ઘટીને ૨૨ ટકા થયો છે. રિકવરી રેટ એટલે કે સાજા થવાનો દર ૭૭% થયો છે. ભારતમાં રિકવરી રેટ સતત વધી રહ્યો છે.

આંકડા મુજબ દેશમાં એક્ટિવ કેસ મામલે ટોપ પર મહારાષ્ટ્ર રાજ્ય છે. ત્યારબાદ તામિલનાડુ, ત્રીજા નંબરે દિલ્હી, ચોથા નંબરે ગુજરાત અને પાંચમા નંબરે પશ્ચિમ બંગાળ છે. આ પાંચ રાજ્યોમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે. એક્ટિવ કેસ મામલે દુનિયામાં ભારતનું ત્રીજુ સ્થાન છે.

કોરોના સંક્રમિતો અને મોતની સંખ્યા જોઈએ તો ભારત દુનિયાનો ત્રીજો સૌથી વધુ પ્રભાવિત દેશ છે. અમેરિકા અને બ્રાઝિલ બાદ કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશ ભારત છે.ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ પ્રમાણે, ૩૧ ઓગસ્ટ સુધી કોરોના વાઈરસના કુલ ૪,૩૩,૨૪,૮૩૪ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૦,૧૬,૯૨૦ કોરોના ટેસ્ટિંગ ગઈકાલે જ કરવામાં આવ્યા હતા.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૧૩૧૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૯૭૭૪૫**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૪**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૧૩૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૯૦૧૩**

### એસબીઆઈના રિપોર્ટ-ઈકોરૈપમાં અનુમાન

## ચાલુ નાણાકીય વર્ષમાં વાસ્તવિક જીડીપી ૧૦.૯% સુધી ઘટી શકે છે

*મુંબઈ,તા.૧*

ભારતીય સ્ટેટ બેક્ર (SBI)નાં રિસર્ચ રિપોર્ટ- ઈકોરૈપમાં અનુમાન લગાવવામાં આવ્યું છે કે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતની વાસ્તવિક ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) માં ૧૦.૯ ટકાનો ઘટાડો થશે. ચાલુ નાણાકીય વર્ષ એપ્રિલ-જૂન મહિનાના પ્રથમ ક્વાર્ટરમાં દેશના અર્થતંત્રમાં રેકોર્ડ ૨૩.૯ ટકાનો ઘટાડો થયો છે. પાછલા નાણાકીય વર્ષનાં સમાન ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસ દર ૫.૨ ટકા હતો. અગાઉ, એસબીઆઈ-ઈકોરૈપમાં વાસ્તવિક જીડીપી ૬.૮ ટકા ઘટવાનું અનુમાન હતું. ગયા નાણાકીય વર્ષનાં જાન્યુઆરી-માર્ચના ચોથા ક્વાર્ટરમાં જીડીપી ગ્રોથ ૩.૧ ટકા રહ્યો હતો.

SBI રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું છે કે, ×અમારૂ પ્રારંભિક અનુમાન એ છે કે ચાલુ નાણાકીય વર્ષના તમામ ચાર ત્રિમાસિક ગાળામાં વાસ્તવિક જીડીપી ઘટશે. આખા નાણાકીય વર્ષ માટે જીડીપીમાં ૧૦.૯ ટકાનો ઘટાડો થશે. ”અહેવાલમાં જણાવાયું છે કે વાસ્તવિક જીડીપી વર્તમાન નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૧૨ થી ૧૫ ટકાનો ઘટાડો કરશે. તે ત્રીજા ક્વાર્ટરમાં -૫ થી -૧૦ ટકાની વચ્ચે રહેશે. એ જ રીતે, વાસ્તવિક જીડીપી ચોથા ક્વાર્ટરમાં બેથી પાંચ ટકા સુધી ઘટશે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોવિડ -૧૯ નાં ફેલાવાને રોકવા માટે ૨૫ માર્ચ, ૨૦૨૦ થી દેશમાં રાષ્ટ્રવ્યાપી લોકડાઉન લાદવામાં આવ્યું હતું, જેના પગલે જીડીપીમાં ઘટાડો થયો હતો. જો કે, આ ઘટાડો બજાર અને તેના અંદાજ કરતા વધુ છે. અહેવાલમાં જણાવાયું છે કે ખાનગી અંતિમ વપરાશ ખર્ચ (પીએફસીઈ)ની વૃદ્ધિ અપેક્ષા મુજબ ઘટી છે. કોવિડ -૧૯ ને કારણે, મોટાભાગની જીવન જરૂરીયાચતની ચીજવસ્તુઓનો વપરાશ ઘટી ગયો છે. એસબીઆઈ ઈકોરૈપના જણાવ્યા મુજબ, ક્ષમતાના ઉપયોગના અભાવને કારણે રોકાણની માંગમાં સુધારો થતો નથી. જેમ કે, કુલ જીડીપીના અંદાજમાં ખાનગી વપરાશનાં ખર્ચનો હિસ્સો ઉંચો રહેશે.

## તંત્રી સ્થાનેથી...

### સાઉદીમાં હજ માટે મંજૂરી ભારતમાં રાજકીય કાર્યક્રમો યોજાય છે ત્યારે નવરાત્રી માટે મંજૂરી કેમ નહી....?

ભારતે એક સાચા અર્થમાં રાજકીય ક્ષેત્રનો તજજ્ઞ ગુમાવ્યો છે...૮૪ વર્ષની ઉંમરે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીનું નિધન થયું છે. જેમની રાજકીય ક્ષેત્રે વિરોધ પક્ષ સહિતના તમામ પક્ષોને એક સાથે બેસાડવાની અજોડ કળા હતી..... તેઓને શ્રદ્ધાંજલિ...... દેશમાં કોરોના વાયરસે પોતાની ઝડપ વધારી દીધી છે. ૩૬ લાખ ૭૦ હજારથી વધુ લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે. જ્યારે મૃતાક ૬૫૦૦૦ નો આંક વટાવી ગયો છે. જો કે લગભગ ૨૮ લાખ ૩૦ હજારથી વધુ લોકો સ્વસ્થ થઈ ગયા છે. ગુજરાતમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા વધતી જઈ રહી છે અને ૯૬,૫૦૦ કેસ પર સંખ્યા પહોંચી ગઈ છે... જોકે સ્વસ્થ થવા ની સંખ્યા પણ વધવા લાગી છે. વર્ષાઋતુને લઈને ગુજરાતના અનેક વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. ખેતીને નુકસાન થયું છે.... જેમાં ખાસ તો તુવેર, મગફળી, તલ, અડદ, કપાસ સહિત નો પાક ધોવાઈ ગયો છે.. તો અતિવૃષ્ટિ અને પૂરને કારણે શાક-ભાજી, બકાલાની હેરફેર અટકી જતા શહેરી વિસ્તારોમાં તેના વેપારીઓ દ્વારા ઉઘાડી લૂંટ ચાલી રહી છે. જ્યારે આ વર્ષે ગુજરાતમાં પાણીની અછતની સમસ્યા ઊભી નહીં થાય.....! કારણ કે ૭૮ જેટલા તળાવો ૧૦૩ જેટલા ડેમો અને જે તે ગ્રામ્ય વિસ્તારની તલાવડીઓ વરસાદી પાણીથી છલોછલ ભરાઈ ગઈ છે... જોકે ખેતીમા નુકશાન થતાં ખેડૂતો પોક મૂકીને રડી રહ્યા છે... કારણ તેમનો પાક, વાવેતર તણાઈ ગયું એટલે કે ખાતર, બિયારણ, દવાનો ખર્ચ ભારે પડી ગયો છે. તો વરસાદી પાણી રોડ- રસ્તાઓ ઉપર ફરી વળતા રાજ્યની એસટી બસો પર મોટી અસર થઈ છે ૪૮ જેટલા રૂટો પર દોડતી બસોને અટકાવી દેવાની ફરજ પડી છે અને ૨૯૮ જેટલા રોડ રસ્તા બંધ કરી દેવા પડ્યા છે જેમાં રાજ્ય હાઈવેના ૩૪ જેટલા રસ્તાઓનો પણ સમાવેશ થાય છે. તો ભરૂચ અને વડોદરા સહિતના વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે... નર્મદાના પાણી ફરી વળ્યા છે અને તે કારણે હોડીઓ ફરતી થઈ ગઈ છે. જે રાજ્ય માટે ચિંતાનો વિષય બની ગયો છે. બીજી તરફ અમદાવાદમાં મચ્છરોના ત્રાસ સાથે રોગચાળાની શરૂઆત થઈ ગઈ છે જેનાથી નગરજનો પરેશાન થઈ ગયા છે.....!?

દગાખોર મિત્ર ચીને પુનઃ પેંગોગમાં લશ્કરી ઘૂસણખોરીનું ઉંબાડિયું કર્યું જો કે લશ્કરે તેનો સામનો કરતા ચીની સૈનિકોને પાછા હટવું પડ્યું છે. ચીનની નજર અરૂણાચલ પ્રદેશ ઉપર હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે.. અને તે માટે સરહદી ઉબાડીયા ચાલુ રાખી તેમજ પાકિસ્તાન દ્વારા જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલા વધારવા સાથે શ્રીનગર લેહ માર્ગ પર ઘુસવા પ્રયત્ન કરવા માટે પ્રયાસો કરાવીને ભારતીય લશ્કરને આવા સ્થળ ઉપર રોકવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જોકે ભારતીય લશ્કરની ત્રણેય પાંખો સંપૂર્ણ સજ્જતા સાથે આધુનિક શસ્ત્રો સાથે ચીન-પાક સરહદે મોટી સંખ્યામાં ગોઠવાઈ ગઈ છે. અત્યારે દેશભરમાં ચીન સામે ભારે આક્રોશ ફેલાયો છે તેમાં વધારો થયો છે. કેન્દ્ર સરકારે દેશભરમાં અનલોક ચાર જાહેર કરી શાળાઓ, બંધિયાર થિયેટરો જેવા સ્થળો પર પાબંધી યથાવત રાખી છે. ત્યારે હવે દેશ ભરના લોકોએ વધુ જાગૃત થઈ જવાની જરૂર છે. લોકોએ સ્વયં કોરોના બાબતે આરોગ્ય તંત્રના નિર્દેશોનું પાલન કરવું જરૂરી છે. હવે કોરોનાનો સામનો કરવાની સંપૂર્ણ જવાબદારી આમ પ્રજાની રહેશે. તે નિશ્ચિત છે.....! જો કે કોરોના સામે પશ્ચિમ બંગાળમાં ત્રણ દિવસ માટે સંપૂર્ણ લોકડાઉન જાહેર કરાયું છે. તો કર્ણાટકમાં કેટલાક વિસ્તારોમાં **lockdown** જાહેર કર્યું છે. દરમિયાન ભારત સરકારે અનલોક ૪ જાહેર કર્યું તેમાં અગત્યના ધાર્મિક તહેવારો બાબતે કોઈ ઉલ્લેખ નથી કર્યો. ત્યારે લોકોમાં આ બાબતે આક્રોશ સાથે સવાલી ચર્ચાઓ બહુ ચાલી રહી છે... જેમાં સાઉદી અરેબિયાએ હજ માટે કોરોનાનો સામનો કરનારા, કોરોનાથી સ્વસ્થ થયેલાઓને હજ માટે મંજૂરી આપી છે. તો ભારત સરકાર વિદેશો સાથે અનેક બાબતોમાં ભારતની સરખામણી કરતી રહે છે કે ઉદાહરણો આપે છે... ત્યારે નવરાત્રિ જેવા તહેવારો માટે ધંધાદારીઓને નહિ પરંતુ જે તે વિસ્તારોમાં શેરી, મહોલ્લા, સોસાયટીઓ,ફ્લેટો માટે સ્થાનિકોને નવરાત્રી મનાવવાની-ગરબા માટેની મંજૂરી આપવી જોઈએ... કારણ રાજકીય ક્ષેત્રે રેલીઓ નીકળે છે, ગરબા ગવાય છે, સમારંભો યોજાય છે તો પછી નવરાત્રિ માટે મંજૂરી કેમ નહીં.....? વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૦૨-૯-૨૦૨૦, બુધવાર, ભાદરવા સુદ-પૂનમ
સૂર્યોદય-૬-૩૧, સૂર્યાસ્ત-૭-૦૨, જૈન નવકારશી-૭-૪૦,
આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્રઃ ઘનિષ્ઠા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | **- શુભ ચોઘડીયા -**<br>૬-૩૧થી લાભ-અમૃત-૯-૩૯ સુધી, ૧૧-૧૨ થી શુભ-૧૨-૪૬ સુધી, ૧૫-૫૪ થી ચલ-લાભ-૧૯-૦૧ સુધી, ૨૦-૨૮થી શુભ-અમૃત-ચલ-૨૪-૪૬ સુધી<br><br>**- શુભ હોરા-**<br>૬-૩૧ થી ૮-૩૬ સુધી, ૯-૩૯થી ૧૦-૪૧ સુધી, ૧૨-૪૬ થી ૧૫-૫૪ સુધી ૧૭-૫૯ સુધી |

### રાષ્ટ્રપતિ,વડાપ્રધાન,રક્ષામંત્રી સહિતના લોકોએ તેમના ઘરે જઈ શ્રદ્ધાંજલિ અર્પી

# પ્રણવ મુખર્જી પંચમહાભૂતમાં વિલીનઃ રાજકીય સમ્માન સાથે અંતિમ સંસ્કાર કરાયા

*ન્યુ દિલ્હી,તા.૧*

પૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન પ્રણવ મુખર્જીના આજે અંતિમ સંસ્કાર કરી દીધા. રાજકીય સમ્માનની સાથે લોધી સ્મશાન ઘાટ પર પ્રણવ દા પંચમહાભૂતમાં વિલીન થઇ ગયા. તેની પહેલાં તેમના નશ્વર દેહને આર્મી હોસ્પિટલથી ૧૦, રાજાજી માર્ગત સ્થિત આવેલા તેમના સરકારી ઘરમાં લઇ જવાયા હતા. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારના રોજ ભારત રત્નથી સમ્માનિત દેશના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને તેમના ઘરે શ્રદ્ધાંજલિ અર્પિત કરી હતી. પ્રણવ મુખરજીના કોરોના પ્રોટોકોલ સાથે તેમના અંતિમ સંસ્કાર કરવામાં



આવ્યા.

ખાસ વાત એ છે કે પ્રણવ મુખર્જી કોરોના પોઝિટિવ હતા. આથી તેમના અંતિમ સંસ્કારમાં ઓછા લોકો જ સામેલ થયા. તમામ લોકો પીપીઇ કિટમાં દેખાયા. તેમના દિકરા અભિજિત મુખર્જીએ પિતા પ્રણવ મુખર્જીને મુખાગ્નિ આપી. પ્રવણ દા ના અંતિમ સંસ્કાર રાજકીય સમ્માનની સાથે કરાયા.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને શ્રદ્ધાંજલિ આપી. તેમણે કહ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ ભારત રત્ન પ્રણવ મુખર્જી એ દાયકાઓથી રાષ્ટ્રને મજબૂત બનાવા માટે અથાગ પ્રયાસ કર્યા. સરકારમાં હોય કે વિપક્ષમાં તેમણે તમામને સાથે લીધા. તેમના અપાર યોગદાનને કયારેય ભૂલી શકાશે નહીં.

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના નિધન પર રાષ્ટ્રપતિ ભવન અને સંસદ ભવનમાં ત્રિરંગા અડધી કાંઠીએ ફરકાવ્યો છે. ભારતમાં ૩૧મી ઑગસ્ટથી લઇ ૬ સપ્ટેમ્બર સુધી રાજકીય શોક રહેશે. આ દરમ્યાન દેશભરમાં તમામ ભવનો પર રાષ્ટ્રીય ધ્વજ અડધી કાંઠીએ ઝૂકતો રહેશે જયાં ધ્વજ લાગેલો રહે છે.

# ચીન-પાક સીમા પર તાકાત વધારવા ભારત ૬ પિનાકા રોકેટ લોન્ચર ખરીદશે

*ન્યુ દિલ્હી,તા.૧*

રક્ષા મંત્રાલયે છ સૈન્ય રેજિમેન્ટ માટે ૨૫૮૦ કરોડ રૂપિયાના ખર્ચે પિનાકા રોકેટ લોન્ચર ખરીદવાને લઈને બે અગ્રગણ્ય ઘરેલુ રક્ષા કંપનીઓ સાથે કરાર કર્યો. આ પગલું મેક ઈન ઈન્ડિયા પહેલને મોટા પાયે પ્રોત્સાહન આપા માટે ઉઠાવવામાં આવ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું કે પિનાકા રેજિમેન્ટને સૈન્ય દળોની સંચાલન તૈયારીઓ વધારવા માટે ચીન અને પાકિસ્તાન સાથે જોડાયેલી ભારતીય સરહદે તૈનાત કરાશે.

ટાટા પાવર કંપની લિમિટેડ અને લાર્સન એન્ડ ટુબ્રો સાથે કરાર પર હસ્તાક્ષર કરાયા છે. જ્યારે રક્ષા ક્ષેત્રનો સરકારી ઉપક્રમ ભારત અર્થ મૂવર્સ લિમિટેડને પણ આ પ્રોજેક્ટનો હિસ્સો બનાવવામાં આવ્યો છે. બીઈએમએલ એવા વાહનો પૂરા પાડશે જેના પર રોકેટ લોન્ચરને રાખવામાં આવશે.

રક્ષા મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે છ પિનાકા રેજિમેન્ટમાં ઓટોમેટેડ ગન એમિંગ એન્ડ પોઝિશનિંગ સિસ્ટમ (AGAPS)ની સાથે ૧૧૪ લોન્ચર અને ૪૫ કમાન પોસ્ટ પણ હશે. નિવેદનમાં કહેવાયું છે કે મિસાઈલ રેજિમેન્ટનું સંચાલન ૨૦૨૪ સુધીમાં શરૂ કરવાની યોજના છે. તેમાં કહેવાયું છે કે હથિયાર પ્રણાલીમાં ૭૦ ટકા સ્વદેશી સામગ્રી હશે અને રક્ષામંત્રી રાજનાથ સિંહ તથા નાણામંત્રી નિર્મલા સીતારમણે પ્રોજેક્ટને મંજૂરી આપી છે.

પિનાકા મલ્ટીપલ લોન્ચ રોકેટ સિસ્ટમને ડીઆરડીઓએ વિક્સિત કરી છે. આ એક મહત્વકાંક્ષી પ્રોજેક્ટ છે જે આત્મનિર્ભર બનવા માટે અત્યાધુનિક ટેક્નોલોજીના ક્ષેત્રમાં સાર્વજનિક ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રદર્શિત કરે છે.

## પાંચ મહિના બાદ મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ ઑગસ્ટમાં પર પર પહોંચ્યો

*ન્યુ દિલ્હી,તા.૧*

લોકડાઉન સાથે જોડાયેલ પ્રતિબંધમાં રાહત અપાયા બાદ સ્થાનિક માંગમાં તેજી આવાને કારણે ચાર માસના અંતરાલ બાદ દેશમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટર્સની પ્રવુતિઓમાં વૃદ્ધિ જોવા મળી છે.જોકે આમ છતાં કંપનીઓમાં છટણીનો તબક્કો ચાલુ જ છે. એક ખાનગી બિઝનેસ સર્વેમાં આ વાતનો ખુલાસો કરવામાં આવ્યો છે. આઈએચએસ માર્કિટ દ્વારા સંકલિત નીક્કી મેન્યુફેક્ચરિંગ પર્ચેજીંગ ઈન્ડેક્સ (PMI) ઓગષ્ટમાં પર પર રહ્યો હતો. આ અગાઉ જુલાઈ માસમાં તે ૪૬ પર હતો. PMIનો ૫૦થી વધુનો ડેટા વૃદ્ધિ જયારે તેનાથી નીચેનો આંક સંકોચન દર્શાવે છે. ભારતનો મેન્યુફેક્ચરિંગ પીએમઆઈ માર્ચ બાદ પ્રથમ વખત ૫૦ના સ્તરથી ઉપર જોવા મળ્યો છે જે વૃદ્ધિ દર્શાવે છે.આઈએચએસ માર્કિટમાં અર્થશાસ્ત્રી શ્રેયાપટેલે જણાવ્યું હતું કે ઓગષ્ટના આંકડા ભારતના મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં આવેલ સુધારાને દર્શાવે છે. તેનાથી બીજા છમાસિકમાં રિકવરીના સંકેત જોવા મળે છે.

### અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પનું મોટું નિવેદન

# ક્લિનિકલ ટ્રાયલના ત્રીજા તબક્કામાં પહોંચી એસ્ટ્રાજેનેકાની કોરોના રસી

*વૉશિંગ્ટન,તા.૧*

કોરોના વાયરસની રસી શોધવામાં દરેક દેશ લાગ્યો છે. આ વચ્ચે અમેરિકાને ટૂંક સમયમાં ખુશ ખબર મળી શકે છે. કારણ કે, એસ્ટ્રાજેનેકાની કોરોના રસી ક્લિનિકલ ટ્રાયલના ત્રીજા તબક્કામાં પહોંચી ગઈ છે.

વિશ્વના મોટાભાગના દેશોને જીવલેણ કોરોના વાયરસે ભરડામાં લઈ લીધા છે. વધી રહેલા મહામારીના કહેર વચ્ચે દરેક દેશ તેની રસી શોધવામાં લાગ્યો છે. આ દરમિયાન જગત જમાદાર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે, અમેરિકી કંપની એસ્ટ્રાજેનેકા દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી કોવિડ ૧૯ની રસીનું ક્લિનિકલ ટ્રાયલ ત્રીજા તબક્કામાં પહોંચી ગયું છે. ડોનાલ્ડ ટ્રમ્પે તેમ પણ કહ્યું કે, કોરોનાની આ દવાને ટૂંક સમયમાં મંજૂરી પણ મળી શકે છે. ટ્રમ્પે કહ્યું, 'મને જણાવતાં ખુશી થઈ રહી છે કે, કોરોનાની રસી વિકસિત કરી રહેલી એસ્ટ્રાજેનેકાની રસી પોતાના



ટેસ્ટ માટે ત્રીજા તબક્કામાં પહોંચી ચૂકી છે. આ તેવી રસીની યાદીમાં સામેલ થઈ ચૂકી છે જે બનવાની ઘણી નજીક છે. લોકોને લાગી રહ્યું હતું કે, આ અશક્ય છે પરંતુ અમે અમેરિકામાં આ કરી બતાવ્યું'. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે કહ્યું કે, કોવિડ-૧૯ની રસી બનાવવામાં ઘણો સમય લાગી શકતો હતો, પરંતુ તેમના તંત્રએ આ કામ થોડા મહિનામાં જ કરી બતાવ્યું. તેમણે કહ્યું કે, દેશના ૩૦ હજાર વોલેન્ટિયર્સ પર કોરોનાની રસીનું ટ્રાયલ કરવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટી તંત્ર અમેરિકામાં હાલ ઓપરેશન વાર્પ સ્પીડ ચલાવી રહ્યું છે. જે અંતર્ગત કોરોના સામે લડવા માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. અમેરિકામાં એસ્ટ્રાજેનેકાની રસીનું ત્રીજા તબક્કાના ટ્રાયલમાં પહોંચવું તે પણ વાર્પ સ્પીડનો જ એક ભાગ છે. આ ઓપરેશનનો ઉદ્દેશ વર્ષ ૨૦૨૧ સુધીમાં કોરોનાની સુરક્ષિત અને ૩૦ કરોડ સપ્લિમેન્ટ તૈયાર કરવાનો છે.

# રશિયામાં મહિલાના મોઢામાંથી સાપ નીકળતા ખળભળાટ મચ્યો




*મૉસ્કો,તા.૧*

રશિયાના ડેગેસ્ટનમાં એક મહિલાના મોઢામાંથી ડોક્ટરોએ ચાર ફુટ લાંબો સાપ કાઢ્યો. મહિલા સોમવારે પેટમાં દર્દ થવાની ફરિયાદની સાથે હોસ્પિટલમાં પહોંચી હતી. ડોક્ટરોને શરૂઆતમાં એ વાતનો ખ્યાલ ન આવ્યો કે મહિલાને શાં માટે દુખાવો થઈ રહ્યો છે. તપાસ બાદ ડોક્ટરોને એ વાતનો ખ્યાલ આવ્યો કે મહિલાના પેટમાં કોઈ ઝેરી ચીજ છે. પછીથી ડોક્ટર્સે મહિલાને બેભાન કરીને મોઢામાં ટ્યુબ નાંખીને તે ચીજને બહાર કાઢવાનું શરૂ કર્યું. બહાર કાઢ્યા પછી ખબર પડી કે મહિલાના પેટમાં સાંપ હતો.

મહિલાના મોઢામાંથી સાંપ કાઢવાની સમગ્ર પ્રોસેસનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ શેર કરવામાં આવ્યો છે, જે વાઈરલ થઈ રહ્યો છે. વાઈરલ વીડિયોમાં ડોક્ટર્સ મહિલાના મોઢામાંથી સાપ કાઢતા દેખાઈ રહ્યાં છે. પેટમાંથી સાંપ બહાર આવવાને કારણે સારવારમાં જોડાયેલી એક મહિલા ડોક્ટર ગભરાઈને પાછળ ખસી જાય છે. પછીથી સાંપને એક મેડિકલ બકેટમાં નાંખી દેવામાં આવે છે.

# પતિના મનની પચ્ચીસ વાતો




**સરવાળે સંબંધ**
મેધા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com

પતિ-પત્નીના સંબંધો ખૂબ ઘનિષ્ઠ અને મધુર હોય છે. તેમછતાંય તેઓ બંને એકબીજાના મનના ઊંડાણને ક્યારેય પારખી શકતા કે સમજી શકતા નથી. નાની નાની વાતોને લઈને ઘણીવાર એકબીજાપ્રત્યે ગેરસમજ ઊભી થતી હોય છે. જેના કારણે બંનેના મનમાં ખટાશ અને કડવાશ આવે છે. જો પતિ-પત્ની ખુલ્લા મને એકબીજાને પોતાના મનની વાત જણાવી દે, તો કદાચ આવી પરિસ્થિતી ઊભી જ ન થાય. સ્ત્રીનો સ્વભાવ અને પુરુષનો સ્વભાવ ખૂબ અલગ હોય છે. સ્ત્રી પોતાના મનની વાતને ખૂબ જ સરળતાથી કોઈની પણ સામે રજૂ કરી શકે છે. જ્યારે પુરુષ તેના સ્વભાવ પ્રમાણે વાતને મનમાં રાખવાનું વધારે પસંદ કરે છે. પતિ તરીકેનો પુરુષ હંમેશા ઈચ્છે છે કે તેની પત્ની તેના કહ્યા વિનાજ તેના મનની વાતને સમજી જાય. જોકે આવું ઘણી ઓછી પત્નીઓમાં જોવા મળે છે કે તેઓ પોતાના પતિની વાતને ખૂબ જ સરળતાથી સમજી શકે છે.

તો આવો આજે આપણે જાણીએ કે પતિના મનમાં એવી કઈ બાબતો છૂપાયેલી હોય છે, જેની પત્નીને ક્યારેય ખબર હોતી નથી.

- જો તને પોતાને લાગે છે કે તારું શરીર સ્થૂળ છે, તો મારો વિચાર જાણવાનો પ્રયત્ન ન કર, તને દુઃખ થશે.

- તારા લાંબા કાળા વાળ પ્રત્યે આકર્ષાયને જ મેં તારી સાથે લગ્ન કર્યા હતા. તેને કપાવવાનો વિચાર પણ ન કરતી. ક્યાંક આપણા સંબંધોમાં તિરાડ ન પડી જાય. મારા મતે કેટલાક યુવકો લગ્ન કરવાનું એટલા માટે પણ ટાળતા હોય છે, કે લગ્ન પછી યુવતીઓ પોતાના લાંબા વાળ કપાવી નાખે છે.

- જ્યારે તને ખબર હોય છે કે તું મારો જવાબ નહીં સાંભળી શકે તો તે વખતે તારે મારી પાસે જવાબ મેળવવા માટે જીદ ન કરવી જોઈએ.

- મારા મનની દરેક વાતને જાણે છે, તેવો તારો દાવો તદ્દન ખોટો છે.

- રવિવારે હું આરામ કરવાના મૂડમાં હોઉં છું. કોઈ કામ ન સોંપ તો તારી ઘણી મહેરબાની.

- તારા મનમાંથી એ ગેરસમજને દૂર કરી નાખ કે હું દરેક સમયે તારા જ વિચારો કરતો હોઉં છું.

- જેટલો આનંદ તને તારી સહેલીઓ સાથે ગપ્પા મારવાથી મળે છે, એટલો જ આનંદ મને મારું કામ કરવાથી મળે છે.

- તારો કબાટ કપડાં અને ચપ્પલોથી ભરેલો છે. મારી પાસે ગણતરીના જ કપડાં અને બૂટ-ચપ્પલ છે. હું તને કઈ રીતે કહી શકું કે તારા ક્યા ડ્રેસ સાથે તારા ક્યાં સેન્ડલ કે ચપ્પલ મેચ થશે.

- રડીને પોતાની દરેક વાતને મનાવી લેવાનો પ્રયત્ન કરવાથી કોઈ ફાયદો નહીં થાય. તારા આંસુઓની મારા મન પર કોઈ અસર થવાની નથી.

- જન્મદિવસ, લગ્નની તારીખ મને વારંવાર યાદ નથી રહેતી, તું કેલેન્ડર પર માર્ક કરી દેતી હો તો. હું દર મહીને ચેક કરી લઈશ, પછી તને ફરિયાદ કરવાની તક નહીં મળે.

- જે વાત કરવી હોય તે સ્પષ્ટ શબ્દોમાં કહેવાનું રાખ. વાતને ગોળગોળ ફેરવીને કહેવાનું બંધ કરી દે. એના માટે મારી પાસે સમય નથી.

--- તારા મનની દરેક વાત હું સમજી જ લઈશ તેવો અંતરયામી નથી. એનો અર્થ એવો નથી કે હું તને પ્રેમ નથી કરતો.

--- કોઈ તકલીફમાં પોતાના વિચારો જણાવીશ તો મને ગમશે. બંને સાથે મળીને ઉકેલ શોધી શકીશું. હું એકલો મૂંઝાતો હોઉં છું. તને ખબર છે એક અને એક મળીને અગિયાર થતાં હોય છે.

--- દાંપત્ય જીવન ફક્ત ફુલોની પથારી જ નથી પણ તેમાં કડવી હકીકતોનો સામનો પણ કરવાનો હોય છે.


--- વિદેશી ફિલ્મો વિદેશીઓને જોવા માટે રહેવા દે, મને તેમાં બિલકુલ રસ નથી.

--- બીજાના ઘરમાં ધ્યાન આપી, તેમની ઈર્ષ્યા કરીને પોતાનો સમય ન બગાડ. આપણી પાસે જેટલું છે, તેટલામાં સંતોષ માનીને જીવવાનું શીખીશ તો સુખી થઈશ.

--- ચર્ચાઓ દરમિયાન છ મહિના પહેલા કહેલી વાતોનું પુનરાવર્તન ન કર. જૂની વાતોને વખોડવી ખરાબ આદત છે. કહેલી વાતોને દીલમાં રાખી ન મૂકવી જોઈએ.

--- જો મારી કોઈ વાતના બે અર્થ નીકળતા હોય અને તેના એક અર્થથી તારું મન દુભાયું હોય તો મારો કહેવાનો અર્થ બીજો હતો એમ સમજી લેવું. તારા મનને જાણીજોઈને હું ક્યારેય ઠેશ નહીં પહોંચાડી શકું.

--- ખોટી બાબતોમાં પડીને તારો સમય અને શક્તિને વેડફીશ નહીં. તારી પાસે ઘણીઆવડત છે, તેનો સાચો ઉપયોગ કરીશ તો મને



ગમશે.

--- તું મને કોઈ કામ કરવા માટે કહી શકે છે. તારી મદદ કરવી મને ગમશે.

--- તું સ્કીન ટાઈટ કપડાં પહેરીશ અને લોકો તને જોશે કે છેડતી કરવાનો પ્રયત્ન કરશે તો તેમની ફરિયાદ મને ન કરતી. તું જ તેમને પહોચી વળજે.

--- કોઈપણ મુશ્કેલીમાં હું તારી સાથે જ છું; પણ કારણવિનાની સહાનુભૂતિ મેળવવાની આશા ન રાખતી. આ કામ તારી સહેલીઓ ખૂબ સારી રીતે કરી શકે છે.

---ટીવીમાં જાહેરાત આવે તે સમયે આપણે ફ્રી હોઈએ છીએ. તું તારા મનની વાતો મને કરી શકે છે.

--- જ્યારે તું ઉદાસ હોય છે, ત્યારે વારંવાર પૂછવા છતાંય તું જવાબ નથી આપતી અને કંઈ નથી કહી દે છે. ત્યારે હું સમજી જાઉં છું, કે તું જુઠ્ઠુ બોલે છે. તે સમયે હું વધારે વાત કરતો નથી; કારણકે મને ખબર છે કે તેનાથી કોઈ ફાયદો થવાનો નથી.

--- આપણે આપણા જીવનનો માર્ગ જાતે જ શોધવાનો છે. કોઈના કહેવાથી કે સલાહથી જીવન જીવાતું નથી.

આ એક પતિના મનની વાતો છે. જરૂરી નથી કે દરેક પતિ પોતાની પત્ની માટે આવા જ પ્રકારના વિચારો કરતા હોય. આવી જ રીતે પત્ની પણ પોતાના પતિ પાસેથી અપેક્ષા રાખતી હોય છે. બંને જણા પોતાના મનની વાતો મુક્તપણે એકબીજાને કરે તે ખૂબ જરૂરી છે. આનાથી એકબીજાને જાણવામાં અને સમજવામાં ખૂબ મદદ મળે છે અને સંબંધ વધારે ગાઢ બને છે. જો મનની વાતો મુક્ત બનશે તો એકબીજા માટેના વિચારોમાં પણ મોકળાશ જોવા મળશે.



ઘરનાં ગણેશ

ગણેશોત્સવન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય વિભાગ દ્વારા રજિસ્ટર્ડ ગ્રુપ ના મેમ્બરો ના ઘર ના ગણેશ કાર્યક્રમ અંતર્ગત દરેક ના ઘર ના ગણેશ ના ફોટા મંગાવી અખબાર માં પ્રસિદ્ધિ કરી આજે ગ્રુપ માં આરતી.પ્રસાદ.ક્ષમાપના સ્તોત્ર ગાન થયું...લગભગ ૪૮ જેટલી ગણેશ જો ની છબીઓ ગ્રુપ માં આવી તે પ્રસિદ્ધ કરવામાં આવી.આજે થોડી બાકી રહિજૈયેલ છબીઓ નીચ મુજબ છે..સાહિત્ય વિભાગ માં તંત પ્રદીપ રાવલ તેમજ આયોજક એડમિન પેનલ માં સંચાલક જીજ્ઞા કપુરિયા,નિર્ણાયક શ્રી ઓ જયશ્રીબેન પટેલ (ગ્રુપ ના દાદી શા,પ્રિન્સિપાલ),વંદનાબેન વાણી તેમજ સહાયક નિર્ણાયક આરતી મરચંટ,આરતી રામાણી,સહ સંચાલક મનીષ વોરા,ગ્રાફિક્સ.ડીઝાઈન પ્રણવ ઝાંખર તેમજ સર્વે ગ્રુપ ના મેમ્બર આ ઉત્સવ માં ભાગ લઈ પોતાના ઘરના ગણેશ સાથે પ્રવેશ કર્યો હતો. અનેઆજે પૂર્ણાહુતિ માં પણ જોડાયા હતા. એડમીન પેનલ તરફથી ગણેશજી વિષય સ્પર્ધામાં આપવામાં આવ્યો હતો તેના ઉપર પણ માન મૂકીને મેમ્બરો એ ખૂબ સુંદર લેખ લખ્યા હતા...વિજેતાઓ ની યાદી ,રચનાઓ.લેખ કે.જેની પ્રસિદ્ધિ આ અખબાર માં થઈ રહી છે. સૌ મેમ્બરો ને તેમજ આયોજક એડમીન પેનલ ગણેશજી સુખ શાંતિ સમૃદ્ધિ આપે તેવી ચરણોમાં પ્રાર્થના.......તંત્રી : પ્રદીપ રાવલ

# ચલાલામાંથી એક ઈસમને દેશી રીવોલ્વર સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી

અમરેલી પોલીસ અધિક્ષકશ્રી. નિર્લિપ?ત રાય સાહેબ નાઓએ અમરેલી જીલ?લાના નાગરીકો ભયમુક્ત રીતે જીવન જીવી શકે અને કાયદો અને વ્યવસ?થાની પરિસ?થિતી જળવાઇ રહે તે માટે પેટ્રોલીગ સઘન બનાવવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન?વયે ગઇ કાલ તા.૩૧/૦૮/૨૦૨૦ ના રોજ અમરેલી એલ.સી.બી. ઈન?ચાર્જ પો.ઇન?સ. શ્રી. આર. કે. કરમટા તથા પો.સબ ઈન?સ. શ્રી પી.એન. મોરી નાઓની રાહબરી નીચે એલ.સી.બી.ટીમે ચલાલા પોલીસ સ?ટેશન વિસ?તારમાં પેટ્રોલીગમાં દરમ?યાન મળેલ બાતમી હકિકત આધારે ચરખા ગામના ભગીરથ જેઠુરભાઇ વાળાને ચલાલા ગામમાં, ચલાલા - ખાંભા રોડ પર આવેલ બાપા સીતારામના ઓટા પાસે ગે.કા હથીયાર સાથે ઝડપી લીધેલ છે.

પકડાયેલ આરોપીઃ-

ભગીરથ જેઠુરભાઇ વાળા ઉ.વ.૩૦ રહે.નવાચરખા તા.ધારી જી.અમરેલી

પકડાયેલ હથિયારઃ-

એક દેશી બનાવટની લોખંડની ફ્રેમ વાળી રિવોલ્વર હથીયાર (અગ્ની શસ્ત્ર) કિ.રૂ.૨૫૦૦/- પકડાયેલ ઈસમ વિરૂધ?ધ આર્મ્સ એક્ટ તળે કાર્યવાહી કરી આરોપી અને મુદ્દામાલ વધુ તપાસ અર્થે ચલાલા પોલીસ સ?ટેશનમાં સોંપી આપેલ છે. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક શ્રી.નિર્લિપ?ત રાય સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ એલ.સી.બી. અમરેલીના ઈન?ચાર્જ પોલીસ ઈન્સ. શ્રી.આર.કે.કરમટા તથા પો.સ.ઇ. શ્રી.પી.એન.મોરી અને એલ.સી.બી. ટીમ દ્વારા કરવામાં આવેલ છે. રિપોર્ટર..... ભરતભાઈ ખુમાણ અમરેલી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ. આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગર શબ્દસ્પર્ધા ગદ્યનું પરિણામ
વિષય " ગણેશજી "
૧-ઋતભંરા વિશ્વજીત"ઋતવિશ્વ
NG NO: 0077
શીર્ષકઃ બાળ ગણેશોત્સવ
૨-પલ્લવી ગુપ્તા
NG No:0073
શીર્ષક :ગણેશોત્સવની સ્થાપના
૩-શ્વેતા તલાટી
NG NO:0078
શીર્ષકઃહિરો તો છો જ
૪-મનોજકુમાર પંચાલ
NG No : 0011
શીર્ષકઃ ગણેશજી વાસ્તુ નિષ્ણાત
૫-સંજય તરબદા
NG NO :0052
શીર્ષકઃ જય ગણેશ
રેક વિજેતાને ખૂબ અભિનંદન
એડમીન પેનલ

---

NG/77
વિભાગઃ ગદ્ય
વિષય : ગણેશજી
શિર્ષકઃ બાળ ગણેશોત્સવ

ૐ ગં ગણપતયે નમઃ
ગણપતિ એ સહુ કોઈના સહજ સ્વીકાર્ય દેવ છે.
દુંદાળા ખાસ કાંઈ રૂપાળા ય ના જ કહેવાય, છતાંય એમનું આ અર્ધ માનવ ને અર્ધ પશુ શરીર એ ખુબ વહાલું ને પોતીકું જ લાગે...!!! આબાલવૃદ્ધ સહુનો આદર્શ આ ગણપતિ દુંદાળો સહુની કાલી ઘેલી ભક્તિનો ચાહક ને આશીર્વાદનો વાહક...!
બાળકોનો તો અતિ પ્રિય દેવ.
અમે જ્યારે નાના હતાં ત્યારે ગણપતિ ઉત્સવ આટલો બધો બહોળા પરિવેશમાં ઉજવવામાં નહોતો આવતો.ત્યારે મોટા મોટા પંડાલોમાં ગણેશની મુર્તિનું સ્થાપન જુજ જગ્યાએ કરવામાં આવતું. ગણેશમંડળો આટલાં બધાં સક્રિય ન હતાં.
અમારાં ભરૂચમાં,
ત્યારે બહુ સાદાઈથી ગણેશ ઉત્સવ ઉજવાતો. ગણ્યાગાંઠ્યા મરાઠી પરિવારો જ ધામધૂમથી ગણેશોત્સવ ઉજવતાં.
જ્યાં સુધી મને યાદ છે ત્યાં સુધી અમે સહુ નાના ટાબરિયાં ઓ જાતે નર્મદા નદીની ચીકણી માટી લાવી
તેનાથી સરસ મઝાની ગણેશજીની મૂર્તિ બનાવતાં. એ મૂર્તિને અમે ઘરનાં ઓટલે સ્થાપિત કરતાં. ગણેશજીની આજુબાજુ અમે અમારા રમકડાંથી સુશોભન કરતાં.
ગણેશ ચતુર્થીએ વહેલાં વહેલાં ઊઠીને નિત્યક્રમ પરવારીને ગણેશજીની પૂજા કરવા ઓટલે ફટાફટ સ્થાપન કરતાં. કાલીઘેલી ભાષામાં અમારી બાળમંડળી બાપ્પાને સમજાવતી પ્રાર્થના કરતી ને સહુના ઘરનો ઉઘરાવેલ પ્રસાદ ધરાવી ,
ગણપતિ બાપ્પા મોરિયા બોલી
સૌ મિત્રો અંદરોઅંદર નિર્વિવાદ સરખે ભાગે વિતરણ કરીને પ્રસાદ સ્વતઃ ઓહીયા કરી જતાં...!
અમારી બાળમંડળી પછી આખો દિવસ ઘરના ઓટલે બેસીને આવતાં જતાં રાહદારીઓ જોડે ગણપતિનો પૈસો આપો કાકા ....!
કહીને ફાળો ઉઘરાવતાં...!
એ વખતે તો દશ પૈસાનું પણ ઘણું મુલ્ય હતું...!! કોઈક વળી જો રુપિયાની નોટ આપે તો તો ....!!!
ઓ..હો..!!
અમે સહુ ખુશીથી ઝુમી ઉઠતાં..!
પરંતુ એવું ભાગ્યેજ બનતું.
સંધ્યાકાળ સુધીમાં સિક્કાઓની ગણતરી કરી એમાંથી ફરી પ્રસાદ લાવી અમારા ગણુજીને ધરાવાતો.
સંધ્યા આરતી થતી .
બીજા દિવસે બપોર સુધીમાં અમારા વ્હાલાં ગણુજીને સહુ બાળકો નદીએ પધરાવવા જતાં. સહુના ચહેરા પર છુટા પડવાની એક અદમ્ય વેદના અને આવતા વર્ષે ફરી પધારવાની વિનંતી,બંને એકસાથે સ્પષ્ટ વંચાતી...!
એમેય બાળકો તો ક્યારેક ક્યાં એમના ચહેરાનાં ભાવ છુપાવી શક્યાં છે...?!
ત્યારનાં અને અત્યારનાં બાળકોનાં ગણપતિ ઉત્સવમાં બે ચીજો હંમેશા શાશ્વત રહેશે.
એક ગણેશજી પ્રત્યેનો કાલોઘેલો ભાવ અને ગણેશજીની બાળકો પ્રત્યેની સ્વીકૃતિ...!!
આ એક એવો ઉત્સવ છે કે જેમાં બાળકો અને દેવ બંને વચ્ચે મ્યુચ્યુઅલ અંડરસ્ટેન્ડિંગ જબરજસ્ત છે..!
એનો પાર ના કોઈ પામ્યું છે ના પામશે...!!જે વાત ફક્ત ગણેશજી અને બાળકોની એકબીજા પરત્વેની નિશ્ચલતાની છે,એવું નથી લાગતું. ..?!!
ગણપતિ બાપ્પા મોરિયા
ઘી અને લાડું ચોળીયા
ઋતંભરા વિશ્વજીત
ઋત્વિશ્વ

---

વિષયઃ ગણેશજી
NOG: 0073
પ્રકાર : ગદ્ય
શીર્ષકઃ ગણેશોત્સવની સ્થાપના

ભારત એ ઉત્સવપ્રિય દેશ છે. અહીંના તહેવારો અને ઉત્સવો, એ ભારતીય સંસ્કૃતિની આગવી, ગરિમામયી વિશેષતા છે. આજે વાત કરીએ ગણેશોત્સવની.

ઈલોરાની ગુફાઓમાં પાંચમીથી આઠમી સદીની બૌદ્ધ અને જૈન મૂર્તિઓની સાથે શક્તિમાતાના કૂખે ગણેશજીની પ્રતિમા પણ જોવા મળે છે. અર્થાત્, ગજાનન ભગવન્ પૌરાણિક કાળથી જ લોકપ્રિય દેવ રહ્યા છે. ભારતના મહારાષ્ટ્ર રાજ્યમાં પુણેમાં શિવાજીના શાસનકાળ દરમિયાન જ્યારે એમણે મરાઠા સામ્રાજ્યની સ્થાપના કરી અર્થાત્ ઈ.સ. ૧૬૩૦ થી ૧૬૮૦ની વચ્ચે ગણેશોત્સવની પારંપરિક શરૂઆત થઈ. પરંતુ બ્રિટિશ શાસન દરમિયાન આ પર્વે પોતાની મહિમા ગુમાવી દીધી.

ઈ.સ. ૧૮૫૭ના વિપ્લવ પછી ભારતીય પ્રજાના ક્રાંતિકારી વલણથી ગભરાયેલા અંગ્રેજી શાસકોએ ભારતીયો વચ્ચે ધાર્મિક મતભેદ પેદા કરવાના ષડયંત્રો શરૂ કર્યા. એવા અનેક ષડ્યંત્રો વચ્ચે લોર્ડ કર્ઝને ઈ.સ. ૧૯૦૫માં બંગાળના ધર્મનુસાર વિભાજન કરવાનું નક્કી કર્યું. આદેશ કર્યો. પરંતુ આ યોજનાને તત્કાલીન વિફળતા મળી. તે સમયે ભારતીય પ્રજામાં હિંદુ-મુસ્લિમ રોષ ઉભો કરવો, એ કંઈ એટલું સહેલું નહોતું. વર્ષાંતે વિભાજન પાછું ખેંચી લેવું પડ્યું. કાળક્રમે ઈ.સ.૧૯૦૬માં મુસ્લિમ લીગની સ્થાપના થઇ. અને આ તરફ બે દાયકાઓથી અંગ્રેજો તરફ નરમવલણ ધરાવતી કોંગ્રેસ પાર્ટીમાં ઉગ્રતા પ્રવર્તવાની શરૂઆત થઈ. કોંગ્રેસ પાર્ટીના ત્રણ પ્રવૃત્તિશીલ નેતાઓ લાલ-બાલ-પાલમાંના એક બાલ ગંગાધર તિલક ભારતીય પ્રજામાં ફરીથી સંપ અને એકતાનો પ્રચાર-પ્રસાર કરવા સતત ચિંતિત હતા. ભારત ની ભોળી અને ધાર્મિક પ્રજાને સંગઠિત કરવાના નેક ઇરાદા માટે એક એવા દેવ કે જે દરેક જ્ઞાતિમાં વિશેષ પૂજનીય હતા એવા શ્રી ગણેશ ભગવાનની ઉપાસનાથી ઉત્તમ પ્રસંગ શું હોઈ શકે? અંગ્રેજો દ્વારા દિશા-ભ્રમિત પ્રજાને ફરીથી સંગઠિત કરવાના દીર્ઘ દ્રષ્ટિકોણથી ગણેશોત્સવની પુનઃ શરૂઆત થઈ.

જોકે આ પર્વનો હેતુ રાજનૈતિક પણ હતો. તિલકની પોતાની પાર્ટી-કોંગ્રેસ પાર્ટીના અનુયાયીઓની સંખ્યા વધારી આઝાદીની અવાજ બુલંદ કરવાનું પણ હતું અને એ પણ સતત દસ દિવસ સુધી રોજેરોજ લોકો સંગઠિત થાય, તો એકતાની ભાવના કેટલી બળવાન બને!

અંગ્રેજી શાસન પછી રાજનૈતિક હેતુ ગાયબ થઈ ગયો. પછી સામાજિક અને સાંસ્કૃતિક આયોજન હેઠળ આ ઉત્સવ ઉજવાતો રહ્યો. પરંતુ સમકાલીન સ્થિતિ થોડી દયનીય થઇ છે. હવે ક્યારેક વૈયકતિક ધ્યેય માટે ગણેશ ઉત્સવ ઊજવાતો જોવા મળે છે. જ્યાં પર્વની શરૂઆત, ધર્મના માધ્યમથી લોકોને ભેગા કરીને એમની અંદર એકતાની-સંગઠનની ભાવના વિકસાવવાના ઇરાદાથી થઈ, ત્યાં આજે આ પર્વનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે વિભિન્ન રાજનૈતિક પાર્ટીઓ ધર્મની વિભાવના પેદા કરી લોકોને અસંગઠિત કરતી જોવા મળે છે.
પલ્લવી ગુપ્તા

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
NG-0011
પ્રકારઃ ગદ્ય
શીર્ષક :ગણેશજી- એક વાસ્તુ નિષ્ણાત

આપણે સારા કાર્યની શરૂઆત શ્રીગણેશથી કરીએ છીએ. જીવનનાં દરેક ક્ષેત્રમાં પૂજા-પાઠ, વિધિ-વિધાન, જેવાં દરેક માંગલિક વૈદિક કાર્યોની શરૂઆતમાં સૌ પ્રથમ ગણપતિનું સ્મરણ કરવામાં આવે છે.

દેવતાઓનાં મૂળ પ્રેરક તથા અગ્રસ્થાને ભગવાન ગણેશજી છે.ભગવાન ગણેશજીનાં નામ અને સ્વરૂપ અલગ અલગ છે.

વાસ્તુશાસ્ત્રમાં ગણપતિની મૂર્તિ એક, બે, ત્રણ, ચાર અને પાંચ માથાવાળી, ત્રણ દાંતવાળી ,તંત્ર માર્ગ સંબંધી મૂર્તિઓમાં ત્રીજા નેત્રવાળી જોવા મળે છે. ભગવાન ગણેશજીની મૂર્તિઓ બે, ચાર, આઠ અને સોળ હાથવાળી જોવા મળે છે.

અહીં ચૌદ ગણપતિની પ્રતિમાઓનું વાસ્તુશાસ્ત્રમાં તેના મહત્વને દર્શાવેલ છે.

સંતાનના ગણેશ : જે ઘરમાં સંતાનસુખ ન હોય ત્યાં ભગવાન ગણેશજીનાં ૧૦૦૮ નામોની સંતાન ગણેશની મૂર્તિને સ્થાપિત કરી યુગલે સંતાન ગણપતિની વિશિષ્ટ મંત્રપૂરિત પ્રતિમા (યથા સંતાન ગણપતેય નમઃ, ગર્ભદો ધને નમઃ , પુત્ર પૌત્રાયામ નમઃ વગેરે મંત્રયુકત) દ્વારે લગાવવી.

વિઘ્નહર્તા ગણપતિ : નિર્હન્યાય નમઃ, અવિનાય નમઃ જેવા મંત્રોયુક્ત ગણેશજીની પ્રતીમા તેવા ઘરોમાં સ્થાપિત કરવી જોઈએ. જ્યાં ઝઘડા, કંકાસ, વિધ્ન, અશાંતિ, તણાવ , પતિ-પત્ની વચ્ચે મનભેદ, બાળકોમાં અશાંતિનો દોષ હોય.

વિદ્યાપ્રદાયક ગણપતિ : ઘરોમાં બાળકો ભણતાં ન હોય કે ભણવાથી દૂર ભાગતાં હોય, વડીલોને માન ન આપતાં હોય ત્યાં જ્ઞાન રૂપાય નમઃ, વિદ્યા નિધાર્ય નમઃ, વિદ્યા ધનાય નમઃ તેમજ જ્ઞાનમુદ્રાવતે નમઃ જેવા મંત્રોનું ઉચ્ચારણ કરવું.

આનંદદાયક ગણપતિ : પરિવારમાં આનંદ, ખુશી, ઉત્સાહ ,સુખ માટે આનંદદાય નમઃ, સુમંગલમ સુમંગ લાય નમઃ જેવા મંત્રો સાથે પ્રતિમાને શુભ મુહૂર્તમાં ઘરમાં સ્થાપિત કરવી જોઈએ.

વિજયસિદ્ધિ મોચન ગણપતિ : કોર્ટ કેસમાં જીત ,શત્રુઓનો નાશ , પડોશીને શાંત કરવા ઘરમાં વિજય સ્થિરાય નમઃ જેવા મંત્રોથી બાબા ગણપતિની સ્થાપના કરવી.

ઋણમોચન ગણપતિ : જૂનું દેવું, ઘરમાં દરિદ્રતા, દેવાનો તાંડવ હોય ત્યાં ઋણત્રય વિમોચનાય નમઃ જેવા મંત્રથી ઉત્કિર્ણ કરાવી દરરોજ વિધિપૂર્વક પૂજા કરવી.

રોગનાશક ગણપતિ : કોઈ જૂનો રોગી હોય તે લોકોએ માત્ર 'મૃત્યુંજયાય નમઃહ્ર શ્લોક વડે રોગનાશક ગણપતિની આરાધના કરવી.

નેતૃત્વ શક્તિ વિકાસ ગણપતિ : રાજનીતિક ઉચ્ચ પદ પ્રાપ્ત કરવા 'ગણાધ્યક્ષાય નમઃ, ગણનાયકાય નમઃ, પ્રથમ પૂજ્યાયૈ નમઃ હ્ર શ્લોકો વડે તેમની આરાધના કરવી.

સોપારી ગણપતિ : આધ્યાત્મિક જ્ઞાનાર્જન હેતુ સોપારી ગણપતિની આરાધના કરવી.

શત્રુહંતા ગણપતિ : શત્રુઓનો નાશ કરવા 'ઓમ ગં ગણપતયે નમઃહ્ર મંત્રનો જાપ કરવો.

ચિંતાનાશક ગણપતિ : જે ઘરોમાં તણાવ અને ચિંતા હોય ત્યાં પ્રતિમાને 'ચિંતામણી ચર્વણલાલ સાથ નમઃહ્ર જેવા મંત્રનું ઉચ્ચારણ કરવું. સિદ્ધિદાયક ગણપતિ : કાર્યમાં સફળતા તેમજ સુખ સાધનોની પૂર્તિ માટે 'સિદ્ધવેદાય નમઃ, સિદ્ધિવિનાયકાય નમઃ, સિદ્ધિપ્રદાયકાય નમઃહ્ર જેવા મંત્રો સાથે સિદ્ધિદાયક ગણપતિને ઘરમાં લાવવા.

વિવાહ વિનાયક : વિવાહને લગતી દરેક સમસ્યામાં પ્રતિમા પર 'કામની કાન્તકાંશ્રયે નમઃ, સકલ કામપ્રદાયકાય નમઃ, કામદાય નમઃહ્ર જેવા મંત્રોચ્ચાર કરવો.

ધનદાયક ગણપતિ : વ્યક્તિએ ધનાઢય બનવા પ્રતિમાની સાથે 'શ્રીપતયે નમઃ, રત્નસિંહાસનાય નમઃ, લક્ષાધીશ પ્રિયાય નમઃ, કોટિધિશ્વરાય નમઃહ્ર જેવા મંત્રોનું ઉચ્ચારણ કરવું.

'મન' મનોજકુમાર પંચાલ....પાલનપુર

---

શબ્દ પરથી સ્પર્ધા માટે -
શીર્ષક - હીરો તો છો જ...
NG 0078
પ્રકાર - ગદ્ય
શ્રીગણેશાય નમઃ
કોઈ પણ શુભ કાર્યની શરૂઆત આપણે આ રીતે જ કરીએ છીએ. "શ્રી ગણેશાય નમઃ" લખીને. કોઈપણ ધંધા વ્યાપારની શરૂઆત હોય, ભૂમિપૂજન હોય, ઘરનું વાસ્તુ હોય કે કોઈપણ નવા કાર્યની શરૂઆત તો સૌ પ્રથમ ગણપતિને યાદ કરાય છે કારણ કે તે વિઘ્નહર્તા છે.
તેમના જન્મદિવસ દર વર્ષે દસ દિવસના ગણેશોત્સવ તરીકે ઉજવાય છે પ્રથમ દિવસે વાજતે ગાજતે તેમની મૂર્તિનું સ્થાપન કરાય છે રોજ પૂજા, આરતી, પ્રસાદ અને છેલ્લા દિવસે એ જ રીતે વાજતે ગાજતે વિસર્જન અને વિદાય કરવામાં આવે છે. એ ઉત્સવની યાદ બે ત્રણ દિવસ તાજી રહે છે અને પછી પાછા આપણે આપણાં કાર્યોમાં પરોવાઈને ભૂલી જઈએ છીએ.
ત્યારે હું એવું કહીશ કે શ્રી ગણપતિની પૂજા, એક મૂર્તિની આપણા મંદિરમાં સ્થાપના એ તો કાયમ માટે નિયમિતપણે જરૂરી છે. તેઓ ક્યારેય સ્વરૂપવાન ( આજની મોડર્ન ભાષામાં જેને હેન્ડસમ કહીએ) તે તરીકે તેઓ જાણીતા જ નથી છતાં મસ્તિષ્કથી લઈને તેમનું આખું વ્યક્તિત્વ ઘણો સંદેશ આપી જાય છે.
પિતા ક્ષણભરના ગુસ્સામાં પુત્રનું માથું વાઢી કાઢે અને પછી હાથીનું મસ્તિષ્ક લગાડે , શું એ શક્ય છે? દુનિયાભર માટે શરૂઆતથી જ સંદેશ છે કે ક્ષણભરનો ગુસ્સો એટલો હાવી ન થઈ જવો જોઈએ કે ઇન્દ્રિયો પરનો સંયમ ગુમાવી દો.
મસ્તિષ્ક હાથી જેવું વિશાળ રાખવું. વિચારશક્તિને અવકાશ આપવો અને વિસ્તૃત વિચારસરણી રાખવી પણ સંકુચિત નહીં.
કાન મોટા રાખવા અને શ્રવણશક્તિને વિકસાવવી. બધાનું સાંભળવું. કાન મોટા રાખવા કે બધાંના શબ્દો અંદર સમાઈ શકે. અને પેટ દુંદાળું રાખવું કે બધાની વાતો પેટમાં રહી શકે. બધાંનાં દુઃખ-દર્દ સાંભળવા, એને અંદર સમાવી લેવા અને એમના વિઘ્નને દૂર કરવાનો પૂરતો પ્રયત્ન કરવો.
માણસ હંમેશા સિદ્ધિવિનાયકની પૂજા કરી અને આવતા વિઘ્નો,અડચણોને દૂર કરવાની સતત પ્રાર્થના કરે છે. ત્યારે ફરી એક અંગત મંતવ્ય આપવું જરૂરી થાય છે એક સાવ સીધો સરળ રસ્તો હશે તો કદાચ ત્યાં સુધી પહોંચવામાં કોઈ તકલીફ નહીં પડે અને સરળતાથી પહોંચી જવાશે પણ તે યાત્રા યાદગાર નહીં થાય. કોઈ પણ રસ્તે થોડા ખાડા તો હશે - થોડો ઉબડખાબડ હશે પણ છતાં હિંમતથી અને સાચવીને એક એક ડગલું ભરી પહોંચવાની મજા આવશે.આપણે એ પ્રાર્થના કરીએ કે મુશ્કેલીઓ તો આવશે જ પણ તે સહન કરવાની આપણને શક્તિ આપે અને અડચણો સાથે સાચી દિશા તરફ અને સાચા લક્ષ્ય તરફ સતત નિરંતર આપણા કદમ ચાલતા રહે એ પછી તકલીફો અને અડચણોમાંથી પસાર થયા પછી જે ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત થશે તેની મજા અને આનંદ અનેરા હશે.
શ્વેતા તલાટી...- વડોદરા

---

-
ન્યુઝ ઓફ ગાંધીનગર
NG 0052
વિભાગ : લેખ
શીર્ષક : "જય ગણેશ"
શ્રી ગણેશાય નમઃ
કોઈ પણ શુભ પ્રસંગે ગણેશજીને અવશ્ય યાદ કરવા પડે, કેમ કે તેમનાં સ્મરણ વગર કાર્ય કરવુ અશુભ ગણાય છે.
પૃથ્વીની પરિક્રમા કરો કે ન કરો પણ જો તમે તમારા મા બાપની પરિક્રમા મતલબ કે સેવા કરો તો તે ચાર ધામની જાત્રા કરવા જેટલું જ ફળ આપ્યા બરાબર છે.જે કામ ગણેશજીએ કર્યુ હતુ.જે વાત આજની તમારા મારા જેવી નવી જનરેશને શીખવા જેવી છે.
બહાર ફરવું,તીર્થ સ્થાન પર જવું ખોટું નથી,પણ ઘરમાં રહેલાં ભગવાનને ભૂલી જવા, તરછોડી દેવા ,દુઃખ આપવું ,તે વાત ખોટી છે.
અમુક પંકિતઓ દ્વારા અહીં સમજીએ.
ઘરમાં જ કાશી ને ઘરમાં મથુરા,
ઘરમાં ગોકુળિયું ગામ રે,
મારે નથી જાવું તીરથધામ.
માતા પિતાના ચરણોમાં છે,
અડસઠ તીરથધામ રે....
સાચું તીરથધામ તો ઘરમાં જ છે,
ઘરમાં રહેલાં ભગવાન સ્વરુપ માબાપને છોડીને તમે ,બહારના ભગવાનને પૂજવા જાવ તો તે ક્યારેય રાજી ન થાય.
જો માનો તો , ઘરમાં જ ગોકુળ, મથુરા,કાશી ,અડસઠે અડસઠ ધામ છે, માતા પિતાને સાચવો,તેમની કાળજી લો,તેમનાં અંત સમય સુધી સેવા ચાકરી કરી જો તમે તેમનો સહારો બનો તો કોઈ ધાર્મિક સ્થાનની જાત્રા કરવાની જરુર રહેતી નથી ,કેમ કે તે દરેક પુણ્ય મા બાપની સારી રીતે કાળજી રાખવાથી જ મળી જતા હોય છે.
એટલે જ તો મા પાર્વતી અને શિવજી ગણેશજી અને કાર્તિકેય બન્નેમાંથી ગણેશજીની ભકિત જોઈ પ્રસન્ન પામ્યા હતા.
ગણેશજી આપ સહુના દુઃખ હરે, સર્વેનાં જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ બક્ષે તેવી મનોકામના સાથે આપ સહુને મારાં જય ગણેશ...
સંજય તરબદા "સાંજ" વડોદરા

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક) (M-9824653073)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા.
સંપર્ક : Email : prdpraval42@gmail.com

---

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

### ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ',ગાંધીનગર ખાતે

# ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રીશ્રીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ મીડિયા ટીમ અને ડિબેટ પેનલના સભ્યોની સંયુક્ત બેઠક યોજાઇ

આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ મીડિયા ટીમ અને ડિબેટ પેનલના સભ્યોની સંયુક્ત બેઠક યોજાઇ. આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રીઓ શ્રી આઈ. કે.જાડેજા, શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આજની સાંપ્રત પરિસ્થિતિમાં મીડિયા જગતનું એક અનેરું મહત્વ છે, ભાજપાનું પ્રતિનિધિત્વ કરીને પક્ષની નીતિ-રીતી, વિચારધારા, કાર્યપદ્ધતિ અને સરકારના કાર્યોની પ્રસ્તુતિ અસરકારકતા સાથે વિશાળ જનસમુહ સુધી પહોંચાડવાનું કાર્ય કરતા સૌ અગેવાનશ્રીઓને અભિનંદન પાઠવું છું.

શ્રી રૂપાણીએ બેઠકમાં ઉપસ્થિત સૌ અગેવાનશ્રીઓને મીડિયાના માધ્યમ થકી રાજયના છેવાડાના માનવી સુધી કેન્દ્ર અને રાજયની ભાજપા સરકારની જનહિતકારી યોજનાઓ, વિવિધ મુદ્દે ભાજપાનું સ્પષ્ટ વલણ જનતા સમક્ષ મુકવા અંગે જરૂરી સૂચનો કરી માર્ગદર્શન આપ્યું હતું. શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, ભાજપા કાર્યકર્તા આધારિત રાજનૈતિક પાર્ટી છે, ભાજપાનો કાર્યકર્તા કોઈ વ્યક્તિ કે પરિવારને નહીં પણ રાષ્ટ્રવાદ, એક ભારત શ્રેષ્ઠ ભારતના વિચારને વરેલો છે, અને જમીની સ્તર ઉપર પક્ષને મજબૂત કરવા સદાય કાર્યશીલ રહે છે ત્યારે મીડિયાના માધ્યમ ધ્વારા આપણે સૌ દ્વારા પક્ષની મજબૂત છબી ઉજાગર કરવાથી કાર્યકર્તાઓના ઉત્સાહ અને કાર્યક્ષમતામાં વધારો થાય છે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, આજના આધુનિક યુગમાં ઇલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા નું ખૂબ જ મહત્વ છે, નાગરિકો ઉપર ટેલિવિઝન ડિબેટમાં થતી ચર્ચાઓનો ચોક્કસપણે પ્રભાવ પડે છે અને તેની નાગરિકોના જનમાનસમાં પણ સકારાત્મક કે નકારાત્મક અસર થતી હોય છે ત્યારે સૌ ડિબેટ પેનલના સભ્યો જ્યારે ભાજપાનો ચહેરો બનીને ડિબેટમાં ભાગ લે છે ત્યારે તેમની જવાબદારી અનેકગણી વધી જાય છે. શ્રી સી.આર.પાટીલે બેઠકમાં ઉપસ્થિત સૌને મીડિયાના માધ્યમ દ્વારા સંયમ, વિનમ્રતા, ગંભીરતાપૂર્વક, આત્મવિશ્વાસ સાથે સહજતાથી જનતા સમક્ષ કેન્દ્ર અને રાજયની લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચાડવા અંગે વિવિધ મુદ્દે વિસ્તારપૂર્વક છણાવટ કરીને માર્ગદર્શન આપ્યું હતું.




પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાએ સંવાદ સેતુના માધ્યમથી પ્રદેશ મીડિયા ટીમ અને ડિબેટ પેનલ ટીમના સદસ્યો સાથે વિવિધ મુદ્દે ચર્ચા કરીને સૂચનો અને માર્ગદર્શન આપ્યું હતું તેમજ પ્રદેશ ભાજપાના આગામી કાર્યક્રમો વિશેની માહિતી આપી હતી.

આજની આ બેઠકનું સંચાલન પ્રદેશ મીડિયા કન્વીનરશ્રી પ્રશાંત વાળાએ કર્યું હતું.

### માણાવદરમાં થયેલી પેશકદમી દૂર કરવા મુખ્યમંત્રીને રજૂઆતો

# માણાવદર સહકારી ક્ષેત્રના અગ્રણી દેવજીભાઇ ઝાટકિયાએ લેન્ડ ગ્રેબીંગ પ્રોહીબીશન ધારાને આવકાર્યો



ગુજરાત સરકારે પ્રજાહિત માટે છેલ્લા ચાર વર્ષમાં ૧૬ જેટલા જુદા જુદા અધિનિયમો લાવી છે અને તેના અમલીકરણ માટે સંબંધિત અધિકારીઓને હુકમો કર્યા છે. એ સરાહનીય બાબત છે પણ સરકારના હુકમો માને તો સાહેબો કેમ કહેવાય. આ અંગે માણાવદર સહકારીક્ષેત્રના આગેવાન અને પાટીદાર સમાજના હિતેચ્છુ એવા શ્રી દેવજીભાઇ ઝાટકિયા એ ગુજરાત સરકારે જે પ્રાસ્તાવિક લેન્ડ ગ્રેબીંગ પ્રોહીબીશન ધારો લાગું કર્યો તેની સરાહના કરી છે અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ને પત્ર લખી અભિનંદન પાઠવતાં જણાવ્યું છે કે આ યોજના અંતર્ગત આગામી બજેટમાં મોટી રકમની જોગવાઇ કરવી પડશે કારણ કે આ યોજના ના અમલ પછી બહું મોટી સંખ્યામાં જેલો બાંધવાની જરૂર પડશે. કારણ કે અત્યાર સુધી જે કોઇ એ પણ જયાં ખાલી જગ્યાઓ જોઈ છે ત્યાં બાંધકામો કરી લીધા છે. તેની સામે સરકારી બાબુઓએ આંખ આડા કાન જ કર્યા છે. કોઈ પગલાં લીધા નથી કે જમીનનું રેકર્ડ ઇન્ટરનેટ ના માધ્યમથી જોવા પણ પ્રયાસો કર્યા નથી તે દુ:ખદ બાબત છે.

ઝાટકિયા એ વધુમાં જણાવેલ કે માણાવદરમાં ઠેર ઠેર હજારોની સંખ્યામાં ગેરકાયદેસર બાંધકામો થયા છે. આ પ્રશ્ર્ન બાબતે અનેક વખત કલેક્ટરો તથા નગરપાલિકા ને રજૂઆતો કરવા છતા કોઇ પગલાં લેવાયા જ નથી જવાહરભાઈ ચાવડા એ પણ સરકાર ને આ અંગે ફરિયાદો અગાઉ તે જયારે કોંગ્રેસ માં હતા ત્યારે કરી હતી તો આપ ગાંધીનગર થી કોઇ અધિકાર ને માણાવદર મોકલી તપાસ કરાવો તો હું તમામ માહિતી આપીશ એમ દેવજીભાઇ ઝાટકિયા એ મુખ્યમંત્રી ને જણાવ્યું છે..તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# હિંદુ જનજાગૃતિ સમિતિના પ્રવક્તા ડૉ. ઉદય ધુરી દ્વારા મુંબઈ પોલીસ આયુક્ત પાસે ફરિયાદ!

હિંદુદ્વેષી ચિત્રકાર એમ્.એફ્. હુસેને વિકૃત પદ્ધતિથી દોરેલાં શ્રી ગણેશ અને ભગવાન શિવજીનાં ચિત્રો બરાબર ગણેશોત્સવમાં 'આસ્થાગુરુ' નામક સંસ?થાએ ઑનલાઈન પદ્ધતિથી વેચાણ માટે મૂક્યાં હતાં. 'આસ્થાગુરુ' આ હરાજી કરનારી સંસ?થાએ ૨૯ અને ૩૦ ઑગસ્ટ ૨૦૨૦માં 'ઑનલાઈન પદ્ધતિથી આ ચિત્રોની હરાજી કરવાનું આયોજન કર્યું હતું; પણ અત?યારસુધી આ ચિત્રો વેચાણ માટે ઉપલબ?ધ છે. તેના વિરોધમાં હિંદુ જનજાગૃતિ સમિતિના મુંબઈ પ્રવક્તા ડૉ. ઉદય ધુરીએ 'આસ?થાગુરુ' સંસ?થાના વિરોધમાં મુંબઈ પોલીસ આયુક્ત પાસે ફરિયાદ કરીને આયોજકો પર કઠોર કાયદેસર કાર્યવાહી કરવાની માગણી કરી છે. તેમજ સમિતિ વતી હરાજીના આયોજકોને ઈ-મેલ દ્વારા સદર હરાજી તરત જ રોકવી, એમ પણ કહેવામાં આવ?યું છે.


वैद्य उदय धुरी

સદર પોલીસ ફરિયાદમાં ડૉ. ઉદય ધુરીએ કહ્યું છે કે, ચિત્રકાર એમ્.એફ્. હુસેને તેમની કારકિર્દી દરમ?યાન ભારતમાતા, તેમજ હિંદુઓના અનેક દેવદેવતાઓનાં નગ?ન, અશ?લીલ અને વિકૃત ચિત્રો દોરીને દેવતાઓનું અને ભારતમાતાનું ઘોર અપમાન કર્યું હતું. તેના વિરોધમાં સમગ્ર દેશમાંથી હિંદુઓએ સંતપ?ત આંદોલનો કર્યા હતાં. તેમજ દેશભરમાંથી ૧૨૫૦ કરતાં વધારે ઠેકાણે પોલીસ-ફરિયાદો દાખલ કરી હતી. હુસેનના વિરોધમાં ધાર્મિક ભાવનાઓ દુભાવવી, અશ?લીલ સામગ્રીનું વેચાણ, રાષ?ટ્રીય અખંડતા માટે જોખમ ઊભું કરવું, રાષ?ટ્રીય માનચિહ્?નોનું અપમાન કરવા જેવા વિવિધ ધારા અનુસાર ગુના દાખલ કરવામાં આવ?યા હતા. 'આસ?થાગુરુ' સંસ?થાએ હરાજી માટે મૂકેલાં ચિત્રોમાં 'ઓમ શ્રી ગણેશ નમન' નામક ચિત્રમાં શ્રી ગણેશની આગળ સરસ?વતીદેવી વીણાવાદન કરે છે તેમજ શ્રી ગણેશને ઉશ?કેરેલા અને ભયભીત થયેલા બતાવવામાં આવ?યું છે. તેમજ આ ચિત્રમાં શ્રી ગણેશના બે હાથ જ દેખાય છે. 'શંકરા' નામક ચિત્રમાં ભગવાન શિવ વિવસ?ત્ર બેઠેલા છે અને પાસે નાગ બતાવવામાં આવ?યો છે. તેમાં ભગવાન શિવને પ્રાણીનું મોઢું લગાડવામાં આવ?યું છે. શ્રી ગણેશના ચિત્રનું મૂલ?ય લગભગ ૭૫ થી ૮૮ લાખ રૂપિયા, જ?યારે ભગવાન શિવજીના ચિત્રનું મૂલ?ય લગભગ ૭૦ થી ૮૦ લાખ રૂપિયા નક્કી કર્યું છે. તેથી પોલીસે બરાબર ગણેશોત?સવમાં શ્રી ગણેશ અને ભગવાન શિવજીનું થઈ રહેલું આ વિડંબન તરત જ રોકવું અને હરાજીના આયોજકો પર કઠોર કાયદેસર કાર્યવાહી કરવી, એવી માગણી કરી છે. આ પ્રકરણમાં ઘાટકોપર, મુંબઈ ખાતેનાં ધર્મપ્રેમી ધારાશાસ?ત્રી પૂનમ જાધવે 'ઑનલાઈન' હરાજીના આયોજક 'આસ?થાગુરુ' સંસ?થાને કાયદેસર કાર્યવાહી માટેની નોટીસ પણ મોકલી છે. તેમજ હિંદુરાષ?ટ્રસેનાના શ્રી. પ્રકાશ સાવંત, શ્રી શિવકાર્ય પ્રતિષ?ઠાનના સંસ?થાપક અધ?યક્ષ શ્રી. પ્રભાકર ભોસલે, હિંદુ ગોવંશ રક્ષા સમિતિના શ્રી. દીપ?તેશ પાટીલ, હિંદુ જનજાગૃતિ સમિતિના મુંબઈ સમન?વયક શ્રી. બળવંત પાઠક સહિત અનેક ધર્મપ્રેમીઓએ દૂરભાષ કરીને આયોજકો પાસે નિષેધ નોંધાવ?યો છે. પનવેલ ખાતેના શ્રી. ગિરીશ ઢવળીકર સહિત અનેક જણે 'ઇ-મેલ' દ્વારા નિષેધપત્ર મોકલાવ્યો.

# જગાણા બી.આર.સી. ભવન ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જે.પી.પ્રજાપતિને વિદાય અપાઇ




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર તાલુકાના જગાણા બી.આર.સી.ભવન ખાતે બનાસકાંઠા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી જે.પી.પ્રજાપતિને વિદાય આપવા ભાવદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત બનાસકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી લક્ષ્મીબેન કરેણ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એન.બી.ચાવડા, ડાયટના પ્રાચાર્યશ્રી એમ.જે.નોગોસ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી મુકેશભાઇ ચાવડા, જિલ્લા શિક્ષણ સમિતિનો સ્ટાફ, સમગ્ર શિક્ષાનો સ્ટાફ, જિલ્લાના તમામ કેળવણી નિરીક્ષકશ્રીઓ, બી.આર.સી.કો ઓર્ડીનેટરશ્રીઓ તેમજ સ્નેહીજનોની ઉપસ્થિતિમાં બદલી પામેલા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને ભાવભરી વિદાય અપાઇ હતી. આ ભાવદર્શન કાર્યક્રમનું પાલનપુર તાલુકાના બી.આર.સી.કો.ઓર્ડીનેટરશ્રી આનંદભાઈ મોદી દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

### આજની કેબિનેટમાં ગુંડા વિરોધી એક્ટનો પ્રસ્તાવ લવાશે

# રૂપાણીની ગુંડાઓને ચેતવણી: ગુંડાગર્દી છોડો નહિ તો ગુજરાત છોડવું પડશે

*ગાંધીનગર,તા.૧*

ગુજરાતમાં ગુંડાગીરી કરવી હવે અસામાજિક તત્વોને ભારે પડી શકે છે. રૂપાણી સરકાર એક અલગથી તેના માટે કાયદો બનાવવા જઈ રહી છે. સીએમ વિજય રૂપાણી તેમની કેબિનેટની બેઠકમાં ગુંડા વિરોધી એક્ટનો પ્રસ્તાવ લાવશે. ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એક્ટીવિટીઝ ઍક્ટમાં કોઈ પણ વ્યક્તિ ગુંડાગીરી કરતો ઝડપાશે તો તેની મિલકત જપ્ત કરવામાં આવશે. એટલું જ નહીં, ગુંડાગીરી કરનારાને ૧૦ વર્ષની સખત કેદની જોગવાઈ પણ કરવામાં આવી છે. ગુંડાઓ સામેના કેસ ચલાવવા સ્પેશિયલ કોર્ટ પણ રચાશે. ગુનો નોંધતા પહેલા રેન્જ ?ર અને કમિશનરની મંજૂરી જરૂરી હોવાનું આ કાયદામાં જોગવાઈ કરવામાં આવી છે. સાક્ષીઓને પુરતું રક્ષણ પણ આપવામાં આવશે. બુધવારે મળનારી કેબિનેટ બેઠકમાં ગુંડારાજ વિરોધીનો પ્રસ્તાવ રજૂ કરશે. આ મામલે મુખ્યમંત્રીએ ગુંડા તત્વોને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, આવનારા દિવસોમાં ગુંડા ગર્દી છોડવી પડશે અથવા ગુજરાત છોડવું પડશે. ત્યારે ગુજરાતમાં હવે ગુંડાગર્દી કરનારાઓની ખેર નથી. કારણ કે, હવેથી ગુંડાગર્દી કરનારાઓ પર કાયેદસરની કાર્યવાહી થશે અને તેમની મિલકત પણ ટાંચમાં લઈ શકાશે.



**આ ઓર્ડિનન્સની મહત્વપૂર્ણ જોગવાઈઓ:**

— ગુંડાગીરી કરનારા તત્વોને ૧૦ વર્ષ સુધીની સખત કેદ અને ૫૦ હજાર રૂપિયાનો દંડ કરાશે.

— ગુંડાઓ સામેના કેસ ચલાવી ઝડપી ન્યાયિક તપાસની કાર્યવાહી અને સજા માટે સ્પેશીયલ કોર્ટની રચના કરાશે.

— ગુંડા તત્વો દ્વારા મેળવવામાં આવેલી મિલકત જિલ્લા મેજિસ્ટ્રેટ ટાંચમાં લઇ શકશે.

— સાક્ષીઓને પુરતું રક્ષણ આપી નામ-સરનામા ગુપ્ત રાખવામાં આવશે.

— ગૂનો નોંધતા પહેલા સંબંધિત રેન્જ આઇ.જી અથવા પોલીસ કમિશનરની પૂર્વ મંજૂરી આવશ્યક.

— દારૂનો વેપાર-જુગાર-ગાયોની કતલ-નશાનો વેપાર-અનૈતિક વેપાર-માનવ વેપાર-બનાવટી દવાનું વેચાણ-વ્યાજખોરી-અપહરણ-ગેરકાયદે કૃત્યો આચરવા કે ગેરકાયદેસર હથિયારો રાખવા જેવી બદીઓને નશ્યત કરવા કડક કાયદાકીય જોગવાઇઓ કરાશે.

— પાસાની જોગવાઇઓનો વ્યાપ વિસ્તારી મહત્વપૂર્ણ સુધારાના વટહુકમ દરખાસ્ત સાથે શાંત-સલામત-સુરક્ષિત-સમૃદ્ધ ગુજરાતના નિર્માણમાં વધુ એક નક્કર કદમની મુખ્યમંત્રીની પ્રતિબદ્ધતા.

— રાજ્યની વિકાસયાત્રામાં અવરોધક બનનારા- જાહેર વ્યવસ્થાને ખલેલ પહોચાડનારા-હિંસા-ધાકધમકી-બળજબરીથી નિર્દોષ નાગરિકોનું શોષણ કરનારા ગુંડા તત્વોની પ્રવૃત્તિઓને સખ્તાઇથી ડામી દેવા મુખ્યમંત્રીએ નિશ્ચય કર્યો છે.

—ગુંડાઓ-જમીન કૌભાંડકારો-ભ્રષ્ટ કર્મચારીઓ તથા ગૌવંશના હત્યારાઓને કાયદાના કડક અમલીકરણથી નશ્યત-નેસ્તનાબૂદ કરવાનો વિજય રૂપાણીનો નક્કર અભિગમ.




**તારીખ ૩૦/૦૮/૨૦૨૦ ના રોજ હોટલ મેરિયોટ અમદાવાદ ખાતે લાયન્સ કલબ સાઉથ ના નવા પ્રમુખ શ્રી દર્શનાબેન સુનિલભાઈ ત્રિવેદી નું ક્લબ તરફથી ઈન્સ્ટોલેશન PDG શ્રી રાકેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું આ પ્રોગ્રામ ના મુખ્ય મહેમાન ચીફ ગેસ્ટ શ્રી પુરષોતમ ભાઈ રૂપાલા સાહેબ દ્વારા ઉદ્‌ઘાટન તથા શુભેચ્છા આપવામાં આવી અને ક્લબ ને માન્ય મંત્રી શ્રી એ પ્રોસ્તાહન આપ્યું આ પ્રોગ્રામ માં દર્શનાબેન ત્રિવેદી ને પ્રમુખ તરીકે, મંત્રી મનોજકુમાર સરૈયા, ખજાનચી વિભાકરભાઈ શાહ ફસ્ટ વાઈસ પ્રેસિડેન્ટ ફાલ્ગુનીબેન જાની, સેકન્ડ વાઈસ પ્રેસિડેન્ટ નીતિનભાઈ પટેલ, ની વરણી કરવામાં આવી લાયન્સ ક્લબ સાઉથ ના આ પ્રોગ્રામ માં ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ઓ લાયન્સ ના સભ્યો કેબિનેટ ના તમામ મેમ્બરો તેમજ ભૂતપૂર્વ PDG શ્રી સૌરભભાઈ બ્રહ્મભટ્ટ સાહેબ ના માર્ગ દર્શન હેઠળ આ ઈન્સ્ટોલેશન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમાં કેબિનેટ માંથી શ્રી હિરેનભાઈ મેવાડા, દક્ષેશભાઈ સોની ફસ્ટ વાઈસ ડ્રિસ્ટિક ગવર્નર રસીકભાઈ પટેલ તેમજ અન્ય કેબિનેટ ના સભ્યો તથા રીજીયન ચેરમેન તથા જોન ચેરમેન પણ હાજર રહ્યા હતા**

### ભૂંડ અને નીલગાય ખેડૂતો માટે મોટી આફત

# અરવલ્લીમાં મકાઇ પકવતા ખેડૂતો ચિંતીત,બાજકોટ છાપરા ગામે ખેતરમાં ઉભો મકાઈનો પાકનું ભૂંડના ઝુંડે સોંથ વાળ્યો



અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ઋતુમાં ખેડૂતો ખાતર અને દવાઓનો મોંઘો ખર્ચ માથે પડે તેવો ઘાટ સર્જાયો છે મોડાસા પંથકમાં મકાઈના પાકનો ભૂંડ અને નીલગાય સોથ વાળતા ખેડૂત પરિવારો પર મુશ્કેલીઓનું વાદળ ઘેરાઈ ગયું છે ખેડૂતોના હાથમાં આવેલો કોળીયો છીનવાઈ જતાં પડતા ઉપર પાટુ મારવા જેવી સ્થિતિ સર્જાઈ હતી. સમગ્ર અરવલ્લી જિલ્લામાં વધતા જતા નીલગાય અને ભૂંડોના ત્રાસથી અરવલ્લીના ખેડૂતો ત્રાહીમામ પોકારી ઉઠયા છે.અને ખેતીને પારાવાર નુકશાન કરી રહયા છે.

બાજકોટ છાપરા ગામના હેમંતભાઈ મકવાણાના ખેતરમાં તૈયાર થયેલા મકાઈના બે એકરના ઉભા પાકને ભૂંડના ટોળાએ નિશાન બનાવી આખા ખેતરની મકાઈને એક જ રાત્રીમાં નષ્ટ કરી નાખી છે.ભૂંડોએ ઉભા પાકને રફેદફે કરી પાકનો સફાયો કરી નાખ્યો છે.ત્યારે ખેડૂતની હાલત દયનીય બની ગઈ હતી.

ત્યારે મોડાસાના બાજકોટ છાપરા ગામ નજીક વન વિભાગ હોવાથી ગામ લોકોએ જણાવ્યું હતું કે રાત્રી દરમ્યાન ખેડૂતોને ખેતરમાં જવા માટે ડર લાગે છે.કેમ કે ભૂંડો અને નીલગાયે અનેકવાર ખેડૂતો પર હુમલા કર્યા છે.તેથી ખેડુતોને જીવ નું પણ જોખમ છે.ત્યારે ગામડામાં રહેતો ઓછી જમીન ધરાવતો ખેડૂત પોતાના પરિવારને બે ટંકના રોટલા માટે પાક પકવાતા હોય છે.પણ હાથમાં આવેલો કોળીયો છીનવાઈ જતાં પડતા ઉપર પાટુ મારવા જેવી સ્થિતિ સર્જાઈ હતી. બે એકરમાં મકાઈના ઉભા પાકને એક જ રાત્રીમાં ભૂંડોના ટોળાએ પાકને છિન્ન ભિન્ન અને નષ્ટ કરી નાખતા ખેતરની દુર્દશા જોતા ખેડૂત પરિવાર પર મુશ્કેલીઓનું વાદળ ઘેરાઈ ગયું હતું.

નીલગાયો અને ભૂંડોના ત્રાસ સામે ખેડૂતોની સ્થિતિ દિન પ્રતિદિન વિકટ બની રહી છે.જેથી હેમંતભાઈ ના ખેતરમાં થયેલા મકાઈના પાકના વિનાશ જેવા ગામના બીજા ખેડૂતોના ખેતરોમાં ન બને તે માટે વન વિભાગ કે વહીવટ દ્વારા કોઈ યોગ્ય નિકાલ કરવામાં આવે તેમજ સરકાર દ્વારા આ ખેડૂતને કોઈ સહાય ચૂકવાય તેવી ખેડૂતોએ માંગ કરી હતી.

# પાલનપુર નગરપાલિકા ને સી આર પાટીલ માટે રોડ રસ્તા નજરે પડ્યા

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર નગર પાલિકા એક્શન મૂડમાં દેખાઈ બનાસકાંઠા ની મુલાકાતે આવતા સી આર પાટીલ ના સ્વાગત માટે પાલનપુર નગર પાલિકા પોતાનું નાક સાચવવા પાલનપુર શહેર માં ઠેરઠેર તૂટેલ રોડ અને ગટર ના ઢાંકણાઓ રીપેર કરવા ના કામે લાગી ગઈ છે ત્યારે વાત કરીએ પાલનપુર નગર પાલિકા ની તો પાલનપુર શહેરીજનો એ વારંવાર રજુઆત કરી હોવા છતાં પાલનપુર નગર પાલિકા ની ઉંઘ ઊડતી નહોતી પરંતુ હવે આ અધિકારીઓ નું સારું દેખાય તે માટે અને પોતાનું નાક સચવાય તે માટે આજે પાલનપુર શહેર માં રોડ ને થિંગડા મારવા નું અને ગટર ના ઢાંકણા રીપેર નું કામ તેમજ ઠેરઠેર દવા છાંટવા નું કામ હાથ ધરવામાં આવ્યું છે આમ જો રાજકારણીઓ માટે આવી સુવિધા કરવા માં નગરપાલિકા ને તકલીફ ના પડતી હોય તો પાલનપુર શહેરિજનો માટે કેમ વિચારવું પડે સુ પાલનપુર નગર પાલિકા ના વેરાઓ રાજકારણીઓ ભરે છે કે પાલનપુર ની જનતા? હવે જોવાનું એ રહ્યું કે પાલનપુર નગરપાલિકા હાલ કામ લાગી એમ સતત કામમાં લાગેલી રહેશે કે પછી આ થિંગડાકામ કામ કરી ને ઊંઘી જશે એતો આવનારો સમય બતાવશે




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.